૩૪૦૮

111/1900 67



ભાવનગરાધિપતિ શ્રી ભાવસિંહજી.



બૈજિક તત્વ.



નારાયણ.

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી

વિવિધ જ્ઞાન ગ્રન્થમાળા.

(મણુકો ૧૧ મો.)

વૈજિક તત્વ.

અથવા

પ્રાણીઓની ચઢતી કરવાની વિદ્યા.

લખનાર

નારાયણ હેમચંદ્ર.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસ.

કિંમત આઠ આના.

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી વિવિધ જ્ઞાન ગ્રન્થમાળામાંનાં આ લખનારનાં પુસ્તકો.

વિવિધ જ્ઞાન.	૦—૮—૦
રત્નાવળી	૦—૮—૦
રોમિયો અને જ્યુલિયટ	૦—૮—૦
અપરાધતત્વ	૦—૮—૦
હતતત્વ વિવેક એટલે માણસને પારખવાની વિદ્યા...	૦—૮—૦
નાની મીઠી વાર્તા	૦—૮—૦
વાસવદત્તા	૦—૮—૦
સૌન્દર્યતત્વ	૦—૮—૦
પ્રેમતત્વ	૦—૮—૦
કમળ કુમારી	૦—૮—૦
બૈજિક તત્વ એટલે પ્રાણીઓની ચઢતી કરવાની વિદ્યા	૦—૮—૦

આ લખનારનાં નવલકથાનાં પુસ્તકો.

૭૪૬૭

મણિભાઇ...	૦—૧૨—૦
શિવલાલ	૦—૧૨—૦
લક્ષ્મી	૦—૧૨—૦
રાજર્ષિ ગોવિંદ માણિક્ય	૦—૧૨—૦
ફૂલની માળા.	૦—૧૨—૦
હીરાકંઠી	૦—૧૨—૦
નર્મદા.	૦—૧૨—૦
પ્રેમકથા	૦—૧૨—૦
સ્નેહકુટીર...	૦—૧૨—૦
નંદકોર	૦—૧૨—૦
કમળ	૦—૧૨—૦
વિષવૃક્ષ	૦—૧૨—૦
જીવન પ્રભાત	૧—૦—૦
જીવન સંધ્યા	૧—૦—૦

અર્પણપત્રિકા.

શ્રી ભાવનગરાધિશ
મહારાજાધિરાજ શ્રી ભાવસિંહજી.

મહારાજ !

આપ વિદ્યાની કદર બુઝો છો તેમજ પ્રજાને સુખી કરવા માટે નિરંતર તત્પર છો તે બધે ખ્યાત છે.

આપ ઘોડા કુતરાના બહુ શોકીન છો અને તેની સારી ઓલાદ કરવા માટે શ્રમ કરોછો, તે મેં જોયું છે. પ્રાણી જગતની ઉન્નતિ કરવી એ બધાની ફરજ છે. કારણ કે પ્રાણીઓની ઉન્નતિ કરવાથીજ મનુષ્યની ચઢતી કરાય છે. એવું સમજીને દરેક માણસે જીવજગતની ઉન્નતિ કરવી જોઇએ. આપ મહારાજા છો અને આપની ફરજો અદા કરોછો તેથી મને બહુ આનંદ થાય છે. તેટલા માટે આ બૈજિક તત્વ એટલે પ્રાણીઓની ચઢતી કરવાની વિદ્યા નામનું પુસ્તક આપનેજ અર્પણ કરવું એ મારી ફરજ સમજું છું. તેમાં જે ઉપાયો બતાવ્યા છે તે આપના જાણવામાં હશેજ. પરંતુ પ્રજાને કંઇક તેના વિશે જ્ઞાન મળે એવા ઇરાદાથી આ પુસ્તક તૈયાર કરીને, આપ જનાવરોની ચઢતી કરવામાં શ્રમ કરો છો, અને બીજા ગુણોથી અલંકૃત છો, તેના ચિહ્ન સ્વરૂપ આપને અર્પણ કરીને આનંદિત થાઉછું.

આપનો

નારાયણ હેમચંદ્ર.

અનુક્રમ.

૭૪૬૭

બૈજિક તત્વ

અથવા

પ્રાણીઓની ચડતી કરવાની વિદ્યા.

બૈજિકતત્વના નિયમ.

બાપના જેવા પુત્ર થાય છે, માના જેવી કન્યા થાય છે એ કહેવત બધે ચાલે છે. ઘણીક વખતે છોકરાં કેટલેક ભાગે બાપના જેવા અને કેટલેક ભાગે માના જેવા થાય છે એ વાત પણ ભરતખંડમાં પ્રસિદ્ધ છે. હમણાં અમે આ સર્વ સાધારણ પરિચિત વાતની અનર્થક પુનરોક્તિ કરીને વાંચનારાઓનો વખત ગુમાવીશું નહિ, બૈજિકતત્વ સંબંધમાં જે નિયમો ગુજરાતમાં અને કાઠિયાવાડમાં ઘણું કરીને ચાલતા નથી, હમણાં તેનુંજ ટૂંકામાં વર્ણન કરવાની અમારી મતલબ છે.

બૈજિકતત્વ પ્રથમ સામાન્ય તરીકે જણાય છે પણ ખરી રીતે જોતા તેટલું સામાન્ય નથી. હાલમાં કેટલાક વિદ્વાનોએ એના નિયમ શોધવામાં ઘણી કોશેશ કરીછે તેમાં સંપૂર્ણ રીતે આજ સુધી ફતેહમંદ થઈ શક્યા નથી.

ગાય ભેંશ વગેરે ચોપગાં જનાવરોને આપણે ધ્યાનથી પાળીએ છીએ. તેઓની હાલમાં ઘણી અવનતિ થયેલી નહિ હોય પણ કોઈ રીતે ઉન્નતિ થયેલી દીઠામાં આવતી નથી. બૈજિકતત્વ અવલંબન કર્યાથી તેઓની આકૃતિ પ્રકૃતિની ઇચ્છા પ્રમાણે કેટલોક ફેરફાર કરાઇ શકાય એમ છે. યુરોપ અને અમેરિકામાં બૈજિકતત્વનું અનુશીન થવા માંડયું ત્યારથી માણસના કામમાં આવતાં ચોપગાં જનાવરો તેમજ ગૃહપાલિત પશુ પક્ષી-

ઓમાં નાના પ્રકારનું પરિવર્તન થયલું છે. હમણાં જોવાથી જણાય છે કે માણસ પોતાના ઉપયોગ પ્રમાણે તેની બનાવટમાં ફેરફાર કરે છે. મેંઢા સંબંધમાં લાર્ડ સમરવિલે લખ્યું છે કે, મેંઢાનો ધંધો કરનારાઓનું કામ જોઇને જણાય છે કે તેઓ નિર્દોષ આકૃતિ પહેલા ભીત ઉપર આંકીને પછી તેમાં પ્રાણદાન કરે છે. * વાસ્તવિક વિલાયતના મેંઢાના વેપારીઓ જેવો આકાર ધારે છે તેવા મેંઢા ઉત્પન્ન કરી લે છે. કબુતર વિશે સર જાન સિબ્રાઇટે કહ્યું છે કે જેવા પાંખવાળા કબુતર ઇચ્છો તે ત્રણ વર્ષમાં આપી શકે છે પણ ચાંચ અથવા માથાનો દેખાવ ફેરફાર કરવામાં તેને છ વર્ષ લાગે છે. †આ વાતો સાંભળ્યાથી આશ્ચર્ય થવાય છે. બૈજિક કૌશલથી પ્રાણી જીવનું ગઠન કેટલુંક માણસના તાબામાં આવ્યું છે એનું માલમ પડે છે. પોશાક પહેરનાર પોતાના શોખ પ્રમાણે વણકરને તથા દરજીને જેવા વસ્ત્ર બનાવવાને ફરમાશ છે, તેમ લગભગ જીવ સંબંધમાં હાલમાં ફરમાશ થાયછે. પણ આ-પણા દેશમાં તેમ થતું નથી. તે ખચીત થઈ શકે છે તે હવે કહેવામાં આવશે. પહેલા કેટલાક બૈજિક નિયમ નહિ જાણ્યાથી તેનું વર્ણન કરવું ન-કામું થઈ જશે એવું ધારીને અમે તેના નિયમો પહેલાં આપીએ છીએ.

બૈજિકતત્વની પહેલી વાત એ છે કે પ્રાણીનાં બચ્ચાંનું ગઠન અને પ્રકૃતિ વંશાનુરૂપ થાય છે. અર્થાત્ જાતિ, અંતર્જાતિ અને કુળના અનુરૂપ થાય છે સાધારણા રીતે લોકોના જાણવાગાં છે કે કદી ગાયમાં ઘોડો ઉત્પન્ન થતો નથી અથવા ઘોડીમાંથી ગાય જન્મતી નથી. વિજાતીય જન્મ અસંભવ

---

* It would seem as if they had chalked out upon a wall a form perfect in itself, and then had given it existence.

quoted by Darwin in his. Origins of species.

† That most skilful bueedrr Sir gohn Seaeright used to say with respect to pigeons, that "he would produce anygiven feather in three years but it would take him six years to obtain head and beak."

Herbert Spencer's Biology vl II p. 242

છે તે છે.કરો પણ જાણે છે. ત્યાર પછી અન્તર્જાતિમાં પણ એ નિયમ સંપૂર્ણ બળવાન છે; એક જાતના મેંઢાના વંશમાં બીજી જાતના મેંઢા ઉત્પન્ન થતા નથી; ચિતા વાઘના વંશમાં નાગેશ્વરી વાઘ ઉત્પન્ન થતા નથી. કુળના સંબંધમાં પણ આવો નિયમ છે. આપણા દેશી નાના ઘોડાના કુળમાંથી કદી કાઠિયાવાડી અથવા આરબી ઘોડાં ઉત્પન્ન થતા નથી અથવા આરબી ઘોડાના કુળમાંથી કદી આપણા પક્ષિરાજો જન્મ લેતા નથી. વળી અતિ કાળા હબસીના કુળમાં કદી અંગ્રેજના જેવા ગોરા છોકરાં ઉત્પન્ન થતા નથી અથવા સફેદ શરીરના અંગ્રેજોના કુળમાં કદી શીદીના જેવા કાળા રંગનાં છોકરાં પેદા થતા નથી. જો કોઇ વંશમાં એમાં ફરક પડેલો જુઓ તો સમજવું કે તે વંશ એ મિશ્રિત નથી તેમાં શંકર દોષ એક સમય થયેલો હોવો જોઇએ.

બીજો નિયમ એ છે કે છોકરાંનું ગંઠન બાપ અથવા માના જેવું થાય છે, પણ ઘણીક વખતે તે એકીવાર થતું નથી. એટલુંજ નહિ પણ માબાપના જેવું થવું તો એક બાજુએ રહ્યું પણ વંશના પણ અનુરૂપ થતું નથી. અમે તે વિશે જૂદી જગ્યાએ વર્ણન કરીશું. છોકરાં માબાપના જેવા થઇ શકે છે તેના વિશે હમણા કેટલીક ઓળખાણ એક બે પ્રસિદ્ધ અંગ્રેજી ગ્રંથ ઉપરથી આપવામાં આવે છે. પિતા પુત્રનું સરખાપણું કેટલું સૂક્ષ્મ થાય છે અને તે કેવળ બહારના આકારથીજ નહિ, એ બધી ઓળખાણથી અનુભૂત થશે. પરિચય છ પ્રકારે વિભક્ત કરીને સમજાવવામાં આવે છે.

પહેલું હાડકાં વિશેમાં સરખાપણાની ઓળખાણ બાપ અથવા માનું છે. જે ભાગમાં હાડકું મોટું અથવા નાનું, હલકું અથવા ભારે, ખાલી અથવા ભરેલું હોયછે, છોકરાંના શરીરમાં તે ભાગનું હાડકું ઘણું કરીને તેવુંજ થાય છે. (૧) ઘણાકોમાં જોવામાં આવે છે કે આંગળીની પાસેથી હાડકું વધીને બીજી એક આંગળી ઉત્પન્ન થાય છે, તેઓના છોકરાંમાં પણ તેવી વધારે આંગળી દીઠામાં આવે છે. * (૨) આંગળીમાં ત્રણ કકડા હોય છે,

* Dr. Struther quoted by Herbert Spencer.

એક માણસમાં તે ન થતાં બે થયા હતા, પણ તેને છોકરાં થયાં તેમાં જોવામાં આવ્યું કે તેઓમાં પણ આવી રીતે બે કકડા છે. પૈત્રોમાં પણ તેવુંજ થયું હતું. § (૩) જેઓ મજુરી કરીને પોતાનું પેટ ભરેછે તેઓના હાથ સર્વદા ચાલવાથી પુષ્ટિ લાભ થાય છે. તપાસ કર્યાથી જાણવામાં આવશે કે મજુરના વંશમાંના છોકરાંના હાથ ઘણું કરીને બીજા છોકરાંના કરતાં કંઇક મોટા થાય છે. * પગના વિશે તેમછે. (૪) એક વખતે એક કુતરીને ત્રણ પગ જન્મ્યા હતા, તેના બચ્ચાં પણ તેના જેવા ત્રણ પગના થયા હતા. † આ ઠેકાણે ઘણાઓ કહેશે કે જો માબાપના જેવા છોકરાં ઉત્પન્ન થાય તો કુતરો પોતાના માબાપના જેવી ચાર પગની નહિ થતાં ત્રણ પગની કેમ થઇ ? હાલની અવસ્થામાં આ પ્રશ્નનો જવાબ આપવો ઘણો કઠણ છે. માબાપના પ્રમાણે છોકરાં ઉત્પન્ન થાય છે આ સાધારણ નિયમ છે ખરો, પણ તેમાં ઘણાક અનિયમ થાય છે. વખતો વખત અ-સાધારણ તથા અદ્ભૂત જન્મ થાયછે તેનું કોઇ કારણ દેખાડી શકાતું નથી. લાંબોર્ડ નામના એક માણસને આખે દીલે સળારૂસના જેવા એક જાતના ચામડાના ખીલા ઉત્પન્ન થયા હતા ‡ તે છતાં તેના પિતૃ પુરૂષને કોઇને પણ આવું નહોતું. જેની બે આંગળીના સાંધાના વિશે આગળ લખી ગયા

§ Mr. Sedgwick quoted by Herbert spencer Biology, II 243

* Some spacial modifications of organs caused by speciae changes in their functions may also be noted. That large hands are inherited by men and women whose ancestors led laborious lives; and that men and women, whose descent for many generations has been from those unused to mannal labour, commonly have small hands, are established opinions. It seems very unlikely that in acsence of any such connection, the size of the hand should thus have come to be generally regarded as some index of extraction. by Herbert Spencer. Biology.

† Anderson quoted by Darwin.

‡ Darwin on Variation of Animals &c.

છીએ તેના પિતૃ પુરૂષની આંગળીમાં ત્રણ ડેરવા હતા. શામાટે આ માણસને તેનાથી ઉલટું બે ડેરવા થયા તે કહેવાઇ શકાતું નથી, પણ જે કારણથી આવો ફેરફાર થાય છે એ એક વાર થયાથી પહેલા કહેલા નિયમને તાબે થઇને કેટલાંક દિવસને માટે અથવા ચિરકાળને માટે વંશપરંપરામાં ઉતરે છે. લાંબાર્ટના આખા શરીરમાં જે ચામડાના કાંટા ઉત્પન્ન થયા હતા તે તેના પુત્ર પૌત્રમાં પણ ઉતર્યા હતા.

બીજું. ભવાંના વિશેમાં સરખાપણું અતિ આશ્ચર્ય ભરેલું છે. યાહુદીઓના ભવાં બધે પ્રસિદ્ધ છે, કાન સુધી ન હોય પણ ભવાં લાંબા અને પરિષ્કૃત જાણે ચિતારાએ સાવચેતીથી ચિતર્યો હોય ને, તેઓના વંશ પરંપરા આવાં ભવાં ચાલતા આવેલા છે, (૧) કેટલાક વર્ષ ઉપર કોઈ એક પ્રધાન અંગ્રેજના આવા ભવાં જોઇને એક માણસ આશ્ચર્ય પામ્યો હતો, પણ પછી તપાસ કર્યાથી જણાવ્યું કે અંગ્રેજ યાહુદીના કુળમાંથી ઉત્પન્ન થયેલો હતો. કેટલીક પેઢીથી અંગ્રેજોના દેશમાં રહીને અંગ્રેજ થયો છે. અંગ્રેજોની જોડે તેના પુરૂષાનુક્રમથી કન્યા લેવી દેવી થતી આવે છે તથાપિ યાહુદીના ભવાં તેના વંશમાંથી આજ સુધી લોપ થયા નથી. (૨) કેટલાંક માણસના ભવાંમાં બે જણ ભળવાથી કંઈક વધારે મોટા થાય છે. તેઓના છોકરાંમાં પણ સામાન્ય ન્યૂનાધિક્ય જોવામાં આવે છે. * (૩) કેટલાંક માણસનાં માથાં ઉપર એક સફેદ અથવા તાંબાના રંગનો વાળનો ગુચ્છ હોય છે. તેઓના છોકરાંના માથાપર કોઇ પણ ભાગમાં આવો જૂદા રંગનો વાળનો ગુચ્છ જોવામાં આવે છે. §

ત્રીજુ. બાપ અથવા માના પ્રમાણે છોકરાંનાં બળ માંસ શિરા ઇત્યાદિ થાય છે. (૧) ઘણી વખતે જોવામાં આવે છે કે પિતા પુત્રના એકજ પ્રકારના અક્ષરો હોય છે એટલુંજ નહિ પણ સાંભળવામાં આવ્યું છે કે

* Darwin on the Variation of Animals &c Vol 1 chapt XII p 452

§ Darwin on the Variation of Aninals &c Vol 1 449 and also Herbert spencer on the Principles of Biology.

છોકરાએ પિતાના અક્ષર કદી જોયા નથી તથાપિ પિતાના પ્રમાણે તેના હાથના અક્ષર થયા છે; જો કે આ ખરૂં હોય તો એવું એક માત્ર કારણ અનુભવ કરી શકાય, બાપની જેવી સૂક્ષ્મ નસ તથા બળમાંસથી આંગળી બની છે, પુત્રની પણ બરાબર તેવી નસ તથા બળમાંસથી આંગળી બની છે. બાપ પ્રમાણે છોકરાંના હાથના અક્ષર થાય છે એ સર્વદા જોવામાં આવે છે પણ બાપના અક્ષર ન જોતાં પણ છોકરાં બાપના જેવા અક્ષર લખી શકે છે એ વિશેમાં સંદેહ છે. મહાપંડિત ડારવીન હાથના અક્ષર વિશે લખ્યું છે. † એ વિશેમાં બીજા વિશેષ પ્રમાણની જરૂર છે. (૨) ઘણાકોની ચાલવાની ઢબ તથા હાવભાવ બાપના જેવા બરાબર હોય છે. જે ઠેકાણે આવું દીઠામાં આવે છે તે ઠેકાણે સમજવું જોઇએ કે શરીર પરિચાલક બળમાંસ પિતા પુત્રમાં એક સરખા છે. (૩) ગળાના અવાજના વિશેમાં પણ એવું કહેવાઈ શકાય છે. ગળાનું છિદ્ર જેવી રીતે સાંકડુ પહોળુ હોય છે, તે પ્રમાણે અવાજ નીકળે છે. પિતા પુત્રનો એકજ જાતનો અવાજ સાંભળવાથી સમજવું જોઇએ કે તેઓના બેઉની ગળાની બનાવટ એકજ જાતની છે. હાથના અક્ષરો, ચાલવાની ઢબ છબ ઇત્યાદિ વિશેમાં કોઈ માણસના ઉદાહરણ આપવામાં આવ્યા નથી. એ વિશેમાં સરખાપણું બધે જોવામાં આવે છે તેથી ઉદાહરણ આપવાની જરૂર સમજતા નથી. ગમે તેમ હો, છોકરાની બહારની આકૃતિ બાપના જેવી થાય છે એ લોકોના અનુભવમાં છે પણ જે કહેવામાં આવ્યું છે તેનાપરથી સિદ્ધ થશે કે છોકરાંની અંદરનું ગઠન પણ બાપના જેવું થાય છે.

---

† on what a curious combination of corporeal structure, mental character and training, hand-writing depends! yet every one must have noted the occasionae close similarity of the hand--writing in father and son, although the father had not taught his son. A great collcetor of auto-graphs assured me that in his collection there were several signatures of father and son hardly distin guished except by their dates.

Darwin on Variation of Animals & Vo 1. p 449

ચોથુ. હવે અભ્યાસ, શિક્ષણ પ્રકૃતિ પ્રવૃતિ ઇત્યાદિની ઓળખાણ આપવામાં આવે છે. (૧) એક માણસ પોતાના અભ્યાસથી ડાબા પગના ઉપર જમણો પગ મૂકીને ચિતો સૂતો હતો, તેની કન્યાએ અતિ નાનપણામાં પિતાનો અભ્યાસ મેળવ્યો હતો. જ્યારે જ્ઞાન માત્ર ઉપન્ન થયું નહોતું, ત્યારે ડાબી જાગ ઉપર જમણો પગ મૂકીને ચિતી સૂતી હતી. † (૨) કુતરાંને નાના પ્રકારના કૌશળ શીવાડવામાં આવે છે, તે પ્રમાણે એકવાર એક કુતરીને ભીખ માગતા શીખાડી હતી. જ્યારે તેને કંઈ લેવાની ઇચ્છા થતી તે વેળા એ શિક્ષિત પ્રમાણે ભિક્ષા નહિ માગ્યાથી તે તેને મળતું નહોતું. તે કુતરીને કેટલાંક બચ્ચાં થયાં, તેમાંથી એકને દોઢ મહિનામાં તેની માથી વેગળુ કરીને બીજી જગાએ લઇ જવામાં આવ્યું, પછી બચ્ચું સાત કે આઠ મહિનાનું થયું એટલે તેની માતા પ્રમાણે ભિક્ષા માગવાનો અરંભ કર્યો. * કોઇએ તેને ભીખ માગતા શીખવ્યું નહોતું. કોઇને પણ તેણે ભીખ માગતા જોયું નહોતું તે છતાં કુતરીનાં બચ્ચાંનું આ જ્ઞાન માતૃ શિક્ષાજનિત અને માતૃબીજથી મળેલું હતું. હારબર્ટ સ્પેનસરે વિલાયતના કેટલાક પ્રખ્યાત સંગીતવિતોના નામ આપીને દેખાડયું છે કે તેઓ દરેકના બાપ સંગીતના ધંધાદારી હતા અને તે માટેજ તેઓ સંગીતશાસ્ત્રમાં વિશેષ નિપુણ થયા હતા, અર્થાત બૈજિક નિયમાનુસારે તેઓએ પિતૃ વિદ્યામાં કુશલતા મેળવી હતી. એવી રીતે જોવામાં આવે છે કે પ્રસિદ્ધ વૈદ્યો પ્રસિદ્ધ વૈદ્યના પુત્રો છે. એનુ બૈજિક કારણ માનવું જોઇએ. જેઓ તે નિયમના અજાણ્યા છે, તેઓ

---

† Darwin's Variation of Animal Vol 1 p 450

* Mr Lewes had a puppy taken from its mother six weeks old, who although never taught 'to beg', (an acomplishment his mother had been taught) spontaneously took to begging every thing he wanted when about seven or eight months old, he would beg for food, beg to be let out of the room and one dog was found at a rabbit hatch begging for rabbits. *Herbert Spencer on the Principles of Biology.*

કદાચ કહેશે કે સારા વૈદ્યનો છોકરો જે સારો ડાકટર થાય છે, તે કેવળ શિક્ષણના પ્રતાપથી, બીજા ગુણથી નહિ. આના જવાબમાં અમે કહી શકીએ છીએ કે ઉપરના ઉદાહરણને યાદ કરીને અમે પુછીએ છીએ કે કુતરીનું બચ્ચું જે ભીખ માગતું હતું તે શું શિક્ષણના કૌશલથી તેમ કરતું હતું? તેને તો કોઇએ ભીખ માગતા શીખવ્યું નહોતું. ધાવણ ધાવતી નાની છોકરી જાગના ઉપર રાખીને પિતાના પ્રમાણે જે સૂતી હતી તે શું શિક્ષણને લીધે એમ કરતી હતી ? બાળકે તે વેળાએ શિક્ષણના ઉપયોગી કંઈ પણ જ્ઞાન મેળવ્યું નહોતું. જેઓએ આ વિષયની વધારે ખોજ કરી છે, તેઓનો દૃઢ નિશ્ચય થયો છે કે પિતા માતાના ગુણ પ્રમાણે છોકરાં થાય છે. હાલમાં આ નિયમના ઉપર આધાર રાખીને લોકો કેટલી જાતના વેપાર કરીને ધનવાન થાય છે આ વિશેમાં હારબર્ટ સ્પેનસર કહે છે કે,—

"Excluding those inductions that have been so fully verified as to rank with exact science, there are no inductions so trustworthy as those which have undergone the mercantile test. When we have thousands of men whose profit or loss depends on the truth of the inferences they draw from simple and perpetually repeated observations, and when we find that the inferences arrived at and handed down from generation to generation of those deeply interested observers, have become an unshakable conviction, we may accept it without hesitation. In breeders of animals we have such a class, led by such experiences and entertaining such a conviction, the conviction that minor peculiarities or organization are inherited as well as major peculiarities. Hence the immense prices given for successful racers, bulls of superior forms, sheep that have certain

desired peculiarities. Hence the careful record of pedigrees of high-bred horses and sporting dogs. Hence the care taken to avoid intermixture with inferior stocks."

જેઓ સરતના ઘોડા લઇને ધંધો કરે છે, તેઓ કેવળ આ નિયમના ઉપર વિશ્વાસ રાખીને હજારો રૂપીઆ નિત્ય ખર્ચે છે. સરતનો ધંધો કરનારાઓ સરતની વખતે ઘોડાની પરીક્ષા કરીને વેચાતા લેતા નથી, ઘણુંક ઘોડાંને નાની ઉમ્મરમાં વેચાતા લઇને પાળેછે, કેવળ વેચાતા લેવાની વખતે એટલુંજ માત્ર જુએ છે કે બચ્ચાંનાં માબાપે કેટલી વાર સરતમાં જય મેળવ્યો છે, જો તે ઓળખાણ વાંછાનુરૂપ થાય તો ધંધાદારીઓ બીજી કંઈ પણ શંકા રાખતા નથી, ઘોડો નિશ્ચય સારો થશે એવું જાણીને તરત તેઓ ઘણી કિંમત આપીને ખરીદ કરે છે. જેઓની પાસેથી વેચાતા લેછે, તેઓ પણ એ નિયમનો અમલ બીજે જઈ ઘોડાનાં સારાં બચ્ચાં ઉત્પન્ન કરાવીને વેચે છે. નિત્ય આવી રીતે લેવામાં તથા વેચવામાં આવેછે. એના કરતાં બીજા પ્રમાણની શી જરૂર છે ? શીકારી કુતરાંનાં બચ્ચાં વિલાયતમાં ઘણી મોંઘી કિંમતે વેચાય છે, તેઓના વેપાર કરનારાઓ સારી રીતે જાણે છે કે બીજા બચ્ચાંના કરતાં શીકારી કુતરાંનાં બચ્ચાં જલદીથી શીખે છે, તથા નહિ શીખાવ્યા છતાં કોઈ કોઈ વખતે કૌશળથી નિપુણ જોવામાં આવે છે. જો આ બધાં વિશ્વાસનાં કારણ ન હોત તો આવો વેપાર ચાલત નહિ. ધંધાદારીઓ સાવચેત થાત. પિતૃ પ્રકૃતિ પિતૃ બુદ્ધિ વગેરે બૈજિક નિયમાનુસારે છોકરાંમાં આવે છે એવા પ્રમાણ નિત્ય મળે છે, તે છતાં વખતો વખત તેમાં કંઈક ફરક દીઠામાં આવે છે, તેના બીજા પુષ્કળ કારણો છે. માબાપમાં એક બીજાથી વિરૂદ્ધતા ઘણી જગ્યાએ તે ફેરફારનું કારણ થાય છે, અસાધારણ બુદ્ધિમાનનાં છોકરાં અતિ મૂર્ખ દીઠામાં આવે છે, પણ તપાસ કર્યાથી પ્રકાશ થાય છે કે છોકરાંની મા અતિ મૂર્ખ હોય છે. આ ઠેકાણે માના બૈજિક દોષથી બાપનું બૈજિક ગુણ ખંડન થઇ ગયું છે. આ વિશેમાં ઘણુંક જાણવા યોગ્ય છે તે હવે પછી

વિસ્તાર પૂર્વક લખવામાં આવશે.

પાંચમું. પહેલા લખી ગયા છીએ કે, છોકરાંની આકૃતિ પ્રકૃતિ બાપના જેવી થાય છે, વળી તપાસ કર્યાથી એ પણ જાણવામાં આવશે કે વિઘ્ન ન હોય, તો છોકરાંની ઉમ્મર તથા તનદરોસ્તી વગેરે માબાપના પ્રમાણે થાય છે. વિલાયતમાં આ વાત સિદ્ધ થઈ છે. આપણા દેશમાં તેના પુષ્કળ ઉદાહરણો છે. બાપનો બાપ જેટલી ઉમ્મરે મરણ પામ્યો હોય તેટલી તથા કાંઈક વધારે ઓછી ઉમ્મરમાં બાપ મરી ગયો હોય છે અને તેનો છોકરો પણ લગભગ તેટલીજ ઉમ્મર ભોગવે છે. તેના પુષ્કળ વૃત્તાન્ત મારા લખેલા કેવી રીતે વંશમાં સારાં છોકરાં ઉત્પન્ન કરવાં એ નામના પુસ્તકમાં આપ્યા છે તે જોવા.

છઠું. માબાપના રોગ છોકરાંમાં ઉતરે છે શ્વાસ, ખહી, કોહડ, ફેફરૂં, ગાંડાઈના સંબંધમાં આ નિયમ અલંઘનીય છે, તે ઘણાકો જાણે છે, તેનો વધારે પરિચય આપવો એ નિષ્પ્રયોજનીય છે. પણ ખેદનો વિષય એ છે કે જાણી સાંભળીને પણ ઘણાકો લગ્નની વખતે આ નિયમ એકીવારે ભૂલી જાય છે. જેઓના વંશમાં આ રોગ કોઈ વખતે થયો નથી, તે ઘણીક વખતે બીજા રોગી વંશના બીજ આણીને પોતાના નિરોગી વંશમાં વાવે છે. જે પૈતૃક સંપતિને અખંડ રાખવાને પુરૂષાર્થ સમજે છે, તે કદાચ હોય તો પિતૃદત્ત પવિત્ર લોહીને કલુષિત કરવામાં કંઇ પણ કુંઠિત થતા નથી. હવે પીડા સંબંધતા નિયમ કહેવામાં આવે છે. ઘણું કરીને ચિરસ્થાયી રોગ માત્રજ બીજાનુગામી થાય છે. માબાપની તરફથી છોકરાં થાય છે, હાડકાંનો રોગ, માંસનો રોગ, વાયુસ્થાનનો રોગ ગમે તે અંગનો રોગ હોય ને તે ચિરસ્થાયી થયાથી ઘણું કરીને છોકરાંને પણ થાય છે. તેમાં આંખનો રોગ બીજાનુવર્તી છે આંખનો ગમે એવો રોગ હોય તે છોકરાંમાં ઘણું કરીને ઉત્પન્ન થાય છે. દૂર દૃષ્ટિ, નિકટદૃષ્ટિ બાડી નજર આ બધા છોકરાંમાં ઉતરે છે. રાતનો અંધાપો, દહાડાનો અંધાપો, રંગનો અંધાપો એ સંબધમાં પણ આ નિયમ લાગુ પડે છે. તેમાં રંગનો અંધાપો પુત્રમાં ઉતરતો નથી. ઘણું કરીને દૌહિત્રમાં ઉતરે છે. લાંબી મુદ-

તનો રોગ, બધી જાતના લાંબી મુદતના દોષ ગુણુ બીજાવલંબન કરીને છોકરાંમાં ઉતરે છે. એટલુંજ નહિ પણુ જોવામાં આવે છે કે પ્રસવિત્રીના પ્રસવ કષ્ટ પણુ કન્યામાં ઉતરે છે. તે કન્યા ગર્ભવતી થયાથી પ્રસવતા કષ્ટાય છે. ઘણીક પ્રસૂતિના સ્તનમાં દુધ થતું નથી, સંભળાય છે કે તેની કન્યાના સ્તનમાં દુધ થતું નથી. ઘણીક ગર્ભધારિણીને મરેલાં છોકરાં થાય છે, જો તેઓની એક બે કન્યાનો કોઇ રીતે બચાવ થાય, તો તે કન્યા પણુ મરેલાં છોકરાં જણે છે. વળી કેટલીક સ્ત્રીઓ વાંઝણી હોય છે. જો કદી તેના ગર્ભમાં કન્યા ઉત્પન્ન થાય તો તે કન્યા પણુ વાંઝણી થાય છે. આના ઉપરથી સિદ્ધ થાય છે કે માબાપના ગુણ દોષ, રોગ વગેરે છોકરાંમાં આવે છે તેથી આપણે તનદરોસ્ત પવિત્ર વંશની તપાસ કરીને છોકરાંના લગ્ન કર્યાથી આપણું મંગળ સાધન થશે તેમાં શક નથી. એ વિશે મારા વિવાહ તત્વ સિંધુ તથા કેવી રીતે વંશમાં સારાં છોકરાં ઉત્પન્ન કરવા એ બે પુસ્તક જોવા.

બૈજિક નિયમમાં વિપરિત થવાનું કારણ અને હમેશાં નિયમજ પ્રમાણે થાય છે.

આગળ જણાવી ગયા છીએ કે મા બાપના જેવા છોકરાં થાય છે, પણુ ઘણીક જગાએ તેમ ન થતાં બાપના બાપના અથવા માના બાપના જેવા થાય છે. વળી ઘણીક વખતે પ્રપિતામહ અથવા વૃદ્ધ પ્રપિતામહ અથવા તેનાથી છેટાના કોઇ પુરૂષના જેવા થાય છે. આપણે ઘણું કરીને પોતે પિતામહને એકત્ર જોઇએ છીએ તેથી તેઓની આકૃતિનું અથવા પ્રકૃતિનું સરખાપણું સમજી શકીએ છીએ પણુ તેનાથી છેટેના પુરૂષની જોડે સરખાપણું હોવા છતાં પણુ તે જોઈ શકતા નથી તેથી તે જાણી શકતા નથી, જે જગાએ પૂર્વ પુરુષની તસબીર રાખવામાં આવે છે અથવો પોતાની આકૃતિ પથરમાં કોતરીને રાખે છે, તે જગાએ તેઓની સાથે પછવાડે

થયેલા માણુસનું અતિ આશ્ચર્ય સરખાપણુ વખતો વખત જોવામાં આવે છે, જે ગઠન અથવા હાવભાવ હમણાંના વંશમાં નવા જણાય છે તે કદાચ કોઇ ને કોઈ આગલી પેઢીના માણુસમાં હતા, તસવીર નહિ હોવાથી તે ઓળખાઇ શકાતા નથી. એવું પણુ કોઈ કોઈ વખતે જોવામાં આવે છે કે અતિ છેટેના કોઇ સગા અથવા માના કુળમાંથી કોઈ દૂરના સગા વચ્ચે ઘણુંજ આશ્ચર્યકારક સરખાપણુ હોય છે. આવી જગાએ સમજવું જોઇએ એઉ પૂર્વ પુરુષ એક હતા તેમને પૂર્વ પુરુષની આકૃતિ મેળવી છે. *

આકૃતિનું આવું સરખાપણું કેટલી પેઢી સુધી ઉતરે છે તેનો કંઇ નિશ્ચય નથી. સેંકડો પુરૂષ, હજારો પુરૂષના તફાવતથી પણુ થઈ શકેછે તે વિષયમાં પુષ્કળ પ્રમાણુ પણુ છે, પણુ તે બધા પ્રમાણુ પરીક્ષા કરવા જતાં એક વાત યાદ રાખવી જોઇએ કે આપણે હમણાં જે જાતના જીવ જોઇ-એ છીએ, એમાંના ઘણાક પહેલા નહોતા, ધીરે ધીરે એક જાતિમાંથી બી-જી જાતિ ઉત્પન્ન થઇને નાના પ્રકારની જાતિ થઇછે, ધીરે ધીરે બીજી પણુ થશે. ઇશ્વરની તરફથી સૃષ્ટિના શિવાય નવા નવા પ્રકારના જીવ જંતુ પ્રા-ણીઓ શીરીતે થયા તે હવે પછી સમજાવવાનો યત્ન કરવામાં આવશે. પણુ તે ઉત્પન્ન થઇ શકે છે હમણાં કેવળ આ માની લેવું પડશે, તેનાથી પૂર્વ સરખાપણાનું આશ્ચર્ય પ્રમાણુ મેળવી શકાશે.

હાલમાં આપણે જેટલી જાતના કબુતરો જોઇએ છીએ, તે બધાના આદિ સાધારણુ ગોળા કબુતર છે. સિરાજુ કહે છે કે ગૃહબાજ કહો, લક્કા કહો, લોટન કહો એમાંની કોઈ જાતિ પણુ પહેલા નહોતી. પહેલા ગોળાથી બીજીએક જાતિ ઉત્પન્ન થઇ, તે બીજી જાતિથી ધીરે ધીરે વળી એક ત્રીજી જાતિ ઉત્પન્ન થઈ, આવી રીતે ધીરે ધીરે ૨૮૮ જાતિના કબૂતરો ઉત્પન્ન થયા છે. હમણા પણુ જોવામાં આવે છે કે આ બધી નવી જાતના કબૂ-તરોના વંશમાં વખતો વખત ગોળા કબુતરના જેવા બચ્ચાં ઉત્પન્ન થાય છે. શામાટે ઉત્પન્ન થતા હશે તે પૂછવું બાહુલ્ય છે. હવે વિચાર કરીને જુઓ જે લકકાની સફેદ પાંખ જોઇને આપણે પ્રશંસા કરીએ છીએ.

* Variation of Animals and Peants Vol II qq 7-8.

તે લક્કાના વંશમાં જો અકસ્માત્ ગોળાના જેવા ડોશવાળા બચ્ચાં ઉત્પન્ન થાય તો શું ધારવામાં આવે ? લક્કા અને આદિ ગોળા વચ્ચે હજારો પેઢીનું અંતર થઇ ગયું છે તથાપિ તે આદિ ગોળાની આકૃતિ લક્કાના વંશમાં ઉત્પન્ન થાય છે. ઘોડો એ પહેલી જાતનો નથી, જેબરા નામનો ચોપગાંના શરીરપર રેખાના પ્રમાણે રેખાંકિત એક જાતના ચોપગાંથી ઘોડાની ઉત્પત્તિ થઇ છે, ચોપગાં જેબરાની સાથે હાલના ઘોડાંનું હજારો પુરૂષનું અંતર થઇ ગયું છે પણ તે જેબરાના જેવા રેખાવાળા બચ્ચાં હજી પણ ઘોડાંનાં વંશમાં વખતો વખત ઉત્પન્ન થાય છે.

માબાપના ગુણ દોષ આકૃતિ પ્રકૃતિ છોકરાંમાં ઉત્પન્ન થાય છે એ આપણે સર્વદા જોઇએ છીએ તેથી હવે તે આશ્ચર્ય તરીકે જણાતું નથી. બૈજિક કારણ તેના ઉપર નિર્દેશ કરીને આપણે એક રીતે નિશ્ચિત રહીએ છીએ; પણ જે દોષ ગુણ માબાપમાં નહોતા, પિતામહ અથવા માના બાપના હતા અથવા ત્યાર પછીના સેંકડો પેઢીપર અથવા હજારો પેઢીપર કોઇમાં હતા, તે સેંકડો પેઢી અથવા હજારો પેઢીને ઉલ્લંઘન કરીને અથવા કેવળ એક પેઢી જે ઉલ્લંઘન કરીને તે શીરીતે કોઇ છોકરાંમાં આવ્યા તે સ્થિર કરવું ઘણું મુશ્કેલ છે. ડારવિન ધારે છે કે આપણા ઘણાક દોષ ગુણ બીજવાહી થઇને અવસન્ન અવસ્થાથી વંશસ્ત્રોતમાં ચાલે છે કારણ મળ્યાથી કામમાં સમર્થ થાય છે, નહિ તો તે અવસન્ન ભાવથી રહે છે. આ ધારવું ખરૂં હોય એમ ભાસે છે કેમકે દીઠામાં આવે છે કે ખહી રક્તપીત કોઢ વગેરે ભારે રોગ એક બે પેઢી સુધી અદૃશ્ય રહી તે વળી એક બે પેઢીમાં તે પ્રકાશ પામે છે. જો વચ્ચમાંની પેઢીના માણસના બીજમાં તે રોગ છુપી રીતે ન રહે તો બીજી પેઢીએ વળી તે શા માટે પાછો પ્રકાશ થાય ? કેવળ રોગજ નહિ બીજા વિષયમાં પણ કેટલુંક આવું દીઠામાં આવે છે. દુધવાળી ગાયના ગર્ભથી ઉત્પન્ન થયેલા બળદથી જે વાછડી ઉત્પન્ન થાય છે તે વાછડી થોડુંક દુધ દેનારી ગાયના ગર્ભમાં જન્મ્યા છતાં પણ ઘણું દુધ આપનારી થાય છે. ઘણું દુધ આપનારીના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા બળદના શરીરમાં દુધનું બીજ નહિ હોવાથી

તેનાથી ઉત્પન્ન થયેલી ગાય બરાબર પિતામહીના જેવી ઘણું દુધ આપનારી કેમ થાય? વળી ચમત્કાર એ છે કે એ બળદથી ઉત્પન્ન થયેલી ગાય કેવળ ઘણું દુધ આપે છે એટલુંજ નહિ પણ તેના દુધનો સ્વાદ પણ બરાબર તેની પિતામહીના જેવો થાય છે. *

બળદના વિશે વિચાર કરીને જોયાથી ખાતરી થાય છે કે, સ્ત્રીના ગુણ પુરુષમાં અતી છુપાયલા રહે છે. જોવામાં આવ્યું કે પુરુષને અંડ વગરના કર્યાથી અર્થાત્ ખોજા કર્યાથી તે પ્રકૃતિમાં સ્ત્રીની પ્રકૃતિ પ્રકાશ થાય છે. સ્ત્રી જાતિના પ્રમાણે તેનો મૃદુ સ્વર થાય છે, ભયભીતપણું આવેછે. પુરુષના જેવી તેની મુછ તથા દાઢી ઉત્પન્ન થતી નથી. બકરાને છિન્ન વૃષણ અથવા ખાસી કર્યાથી બકરીના પ્રમાણે તેનું મોં લાંબુ થઇ જાય છે. કુકડાને ખાસિ કર્યાથી તેનો દાંભિક ચીત્કાર રહેતો નથી. પાખની શિખા અથવા માથાનો લાલ મુગટ જન્મતો નથી † કુકડાના પ્રમાણે તેની આકૃતિ પ્રકૃતિ થાય છે. પ્રસૂતિની પ્રવૃતિ તેમાં બળવતી થાય છે. વળી કદાચ અંડપર બેસીને તે ઇંડાને સેવવાની ઘણી ઇચ્છા રાખે છે. કોઇ કુકડી ઇંડાં છોડીને ખાવાનું મેલવવા ગઈ હતી, તેને દૂરથી ખાસી કરેલો કુકડો જોતો હતો. સમય મળ્યાથી દોડીને તે ઇંડાં સેવવાનો આરંભ કરતો હતો. આ સ્ત્રી પ્રકૃતિ પુરુષમાં જરૂર હતી તે કરેવું પડશે. એક પુરુષ પોતાના પૌત્રનું પતિપાલન કરતો હતો. પૌત્રની મા નહોતી, અથવા બીજી કોઇ સગી સ્ત્રી પણ નહોતી તેથી બાળક હોવાથી તેને છાનો રાખવા માટે વૃદ્ધ પોતાનું સ્તન આપતો હતો. માના સ્તનના ભૂલવાથી બાળક તે મોંમાં લઇને ખેંચતો હતો, ધીરે ધીરે વૃદ્ધનો ડાબો સ્તન વધવા લાગ્યો. વળી તેમાં દુધનો સંચાર થયો. આ બધા બનાવ જોઇએ એક રીતે ખાતરી થાય છે કે પુરુષમાં સ્ત્રી પ્રકૃતિ અને તે પ્રમાણે વળી સ્ત્રીમાં પુરુષની પ્રકૃતિ હીન ભાવથી રહેલી છે. પરંતુ પુરુષમાં શી રીતે સ્ત્રી પ્રકૃતિ આવી એ પૂછ્યાથી કહેવું પડશે કે તે માતૃ બીજના દ્વારા આવી છે. ગમે તો પુત્ર હો કે કન્યા, દરેક માબાપના અંશ મેળવે છે

---

*Variation of Animals Vol. II p. 27

† Variation of Animals Vol. II p. 26

તેથી પુત્રમાં સ્ત્રીની પ્રકૃતિ તથા કન્યામાં પુરૂષ પ્રકૃતિ રહેવી સંભવે છે, તે છતાં વિપરીત પ્રકૃતિઓ કેવળ અસ્ફુટ તથા અપ્રકાશિત ભાવથી માત્ર રહે છે.

ઉપર જે કહેવામાં આવ્યું છે તે જો વિચારમાં ખરા તરીકે નક્કી થાય, તો બીજી એક વાત કબુલ કરવી પડશે, આપણા દરેક શરીરમાં જે બધા ચિહ્ન પ્રકૃતિ અથવા શક્તિ હમણાં દીઠાંમાં આવે છે તેના શિવાય બીજી પણ સેંકડો પ્રકૃતિ અથવા શક્તિ છુપી રહેલી છે. પ્રત્યેક પૂર્વપુરૂષની શારીરિક અને માનસિક વ્યતિક્રમ અથવા યથાક્રમથી બીજવાહી થઈને આપણા શરીરમાં આવીને અપ્રકાશ્ય ભાવથી રહે છે. ઉપયુક્ત કારણ મળ્યાથીજ તેમાંના કોઈ પ્રકાશ થાય છે, નહિ તો પહેલાના પ્રમાણે અપ્રકાશ ભાવથી આપણા શરીરમાં રહીને વળી યથારીતિ બીજાનુગામી થઈને છોકરાંમાં જાય છે અને તેની જોડે આપણા પોતાના ચિહ્ન પણ લઈને જાય છે. આવી રીતે ધીરે ધીરે પ્રત્યેક પુરૂષના શરીરના અને મનના તારતમ્યના ચિહ્ન અથવા અંકુર જો વંશપરંપરા શરીરમાં છે એવું માનવામાં આવે તો પૂર્વ પુરૂષની સાથે આપણું સરખાપણું કેમ થાય છે તે સમજવાનો કંઈક માર્ગ હાથ લાગે છે. પણ કહેવામાં આવ્યું છે કે તે બધાં ચિહ્ન અથવા અંકુર લગભગ ઘણા ખરા અવસન્નતાની હાલતમાં રહે છે, કારણ મળ્યાથી તેઓ કામ કરવાને સમર્થ થાય છે, ટૂંકામાં શા શા કારણથી કિયા કિયા અંકુર કાર્યમાં સમર્થ થાય છે તેની આજ સુધી કંઇ શોધ લાગી નથી. હજારો કારણ થઇ શકે છે તે માણસના દ્વારા કદી પણ શોધાશે એવી હાલમાં કંઇ આશા રખાતી નથી.

ઘણાકો કહે છે કે જે જગ્યાએ બે જાતિ મળીને જન્મ થાય છે, તે જગ્યાએ પૂર્વ પુરૂષની સાથે સરખાપણું થવાનું કારણ ઉત્પન્ન થાય છે, કેમ જન્મ થાય છે તેનું કારણ કહી શકાતું નથી. તે છતાં એક કારણ દીઠામાં આવે છે. ઘોડા અને ગધેડીથી જે બચ્ચું ઉત્પન્ન થાય છે તેઓના પગમાં એક જાતનો દોરો અંકિત થયેલો ઘણું કરીને જોવામાં આવે છે, તે છતાં કદાચ ઘોડામાં કે ગધેડીમાં કોઇના પણ પગમાં તેવો દોરો હોતો નથી. ત્યારે તે કયાથી આવ્યો ? ઘોડો જેબરાથી ઉત્પન્ન થયો છે તે આગળ કહી

ગયા છીએ, તેના આખા શરીરપર એવા સફેદ લીટા હોય છે, ગધેડાના સંબંધથી ઘોડીનું જે બચ્ચું જન્મે છે તેના પર તેવા લીટા રહેવાથી ખચીત સમજવું પડશે કે તે પુષ્કળ પેઢીથી ઉત્પન્ન થયાલા જેબરાથી એ લીટા આવ્યા છે. સફેદ લકકાના પેટથી સફેદ લાટનથી જે બચ્ચાં ઉત્પન્ન થાય છે તેમાં ઘણીક જગ્યાએ તેના પીછામાં કાળા લીટા થાય છે. ગોળા જાતિ કબુતરનો આદિ પુરૂષ છે, એ વાસ્તે કહેવું પડશે આ કાળા લીટા ગોળા કબુતરથી આવ્યા છે.

જેમ અવયવ સંબંધમાં કહેવામાં આવ્યું તેમ પ્રકૃતિના સંબંધમાં પણ એવું પૂર્વ સરખાપણું થાય છે. આપણા જે શાંત સ્વભાવવાળા ગૃહપાલિત ચોપગાં જનાવરો છે, એઓના પૂર્વ પુરૂષ જંગલી હતા અને તેથી તેઓની પ્રકૃતિ ઘણી ઉગ્ર હતી. હમણાં આ શાંત પ્રકૃતિ પશુઓમાં જો બે જુદી જાતિથી બચ્ચાં ઉત્પન્ન કરાવવામાં આવે તો તે બચ્ચાં ગૃહપાલિતના જેવા શાંત થતા નથી; તેઓના જંગલી પૂર્વ પુરૂષના જેવા ઉગ્રસ્વભાવના થાય છે.* એના કેટલાક પ્રમાણ છે. આપણી ઉગ્ર જાતિજ આ નિયમનું એક મોટું પ્રમાણ છે. આદિમ અવસ્થામાં ભરતખંડના આર્યો કોલી ભિલ ગોંડ સોઓતાલ વગેરે જંગલી જાતિયોને શૂદ્ર રહેતા હતા અને ધિક્કારથી પોતાની સમાજની સોબતમાં આવવા લેતા નહોતા, પણ કાળેકરીને તેમાં કેટલુંક વિરૂદ્ધાચરણ થયું, વળી કાળેકરીને આર્ય તથા શૂદ્ર આ બે જાતિમાં વર્ણશંકર થયું. વર્ણશંકર છોકરાંની પ્રકૃતિ અતિ ભયાનક થઈ. ક્ષત્રિયના બીજથી શૂદ્રાણીના ગર્ભમાં જેઓ જન્મ્યા હતા તેઓ ઉગ્ર હમણાં

---

* The parents of all our domesticated animals were of course aboriginally wild in disposition, and when a domisticated species is crossed with a distinct species whether this is domisticated or only a tamed animal the hybrids are often wild to such a degree, that the fact is intelligible only on the principle that the cross has caused a partial return to a primitive disposition. Darwin Variation of Animals Vol II

ઉગ્ર ક્ષત્રિય અથવા આગુશ છે. † તેઓનું આ નામકરણ પ્રકૃતિ અનુસારે થયું હતું. જાતિ અનુસારે નહિ.

બ્રાહ્મણીના પેટમાં તથા શૂદ્રના બીજથી જે બચ્ચાં થયાં હતાં તેનું નામ ચંડાળ હતું. ચંડ શબ્દ ઉગ્ર છે, એટલા માટે બે જુદી જાતિની મનુષ્ય જાતના છોકરાં અતિ નીચ પ્રકૃતિ તથા અતિ નિર્દય થાય છે તેના પ્રમાણ આપણા હિંદુસ્તાનમાં મળે છે. જાબસી નદીના કીનારાપરના અંગ્રેજના બીજના અને ત્યાંના કાળા રંગના હબસણના પેટથી જે માણસો જન્મ્યાં છે. તેઓની પૈશાચિક પ્રકૃતિ જોઇને લિવિંગસ્ટન આશ્ચર્ય પામ્યો હતો. તે દેશના કોઈ માણસે તેને કહ્યું હતું કે, મહાશય અંગ્રેજ પુરુષ દેવતાની સૃષ્ટિ છે, કાળા શરીરના પુરુષ પણ દેવતાની સૃષ્ટિ છે અને આ બે જાત મળીને ઉત્પન્ન થયેલા પાપ પુરુષની સૃષ્ટિ છે. *

---

† હમણાના ઉગ્ર ક્ષત્રિયો ઉગ્ર નથી. જે કારણથી તેઓની ઉગ્ર પ્રકૃતિ થઇ હતી તે કારણ હવે નથી.

*Many years ago, long before I had thought of the presentsubject, I was struck with the fact that in south America, men of compli cated descent between Negroes, Indians and Spaniards, seldom had, whatever the cause might be, a good expression. Livingstone -and a more unimpeachable authority cannot be quoted-afterspeaking of a half--casteman on the Zambisi, discribed by the Portuguese as a rare monster of inhumanity, remarks ' It is unaccountable why half--castes, such as he, are so much more cruel than the Portuguese, but such is undoubtedly the case." An inhabitant remarked to Livingsone " God made whitemen, and God made blackmen, but the Devil made half castes." When the races, bowbath in the scale, are crossed the progemy seems to be eminently bad. It was noble heorted Hamboldt, who felt no prejrudice against the inferior races, speaks in strong terms ot the bad and savage disposition of the Zambos or halfcastes between Indians and Ne-

આપણા દેશમાં બે જાતિનો વંશ વળી આરંભ થયો છે આપણે તેઓને યુરેસિયન અથવા ભળેલા ઇંગ્રેજ કહીએ છીએ. તે આપણા દેશની સ્ત્રીઓના ગર્ભથી અને અંગ્રેજ પુરૂષથી એઓનો જન્મ છે. સંભળાય છે કે યુરેશિયન નીચ પ્રકૃતિના માણસો છે પણ અમે જે જોયું છે તેના ઉપરથી તેઓને ઘણા નીચ તરીકે જણતા નથી. જે નીચપણ જોવામાં આવે છે તે કેવળ શિક્ષણના દોષથીજ છે. એવું સંભવે છે કે વિલાયતી આર્ય વંશથી ઉત્પન્ન થયલા છે અને આપણા દેશના પણ આર્ય વંશથી ઉત્પન્ન થયા છે વાસ્તે વિલાયતીઓની સાથે આપણા દેશનું લોહી ભળ્યાથી કંઈ વિશેશ દોષ લાગતો નથી. જે બે જાતિ ગળેલા વંશની વાત હામબોલ્ડે અથવા લિવિંગસ્ટન વગેરે લખનારાઓએ લખી છે, તે જણાય છે શીદી અને ફ્રેન્ચ અથવા ચીના અને આરબ અથવા તેના જેવા બીજા બે જુદા ગઠનથી જે છોકરાં ઉત્પન્ન થયા છે તેના સંબંધમાં છે.

બૈજિક નિયમમાં શાથી ફેર પડે છે.

છોકરાં માબાપના જેવાં ક્યાં સુધી થાય છે તેનું પહેલાં વર્ણન કરી ગયા છીએ. માબાપના પ્રમાણે ન થતાં છોકરાં ક્યાં સુધી પૂર્વ પુરૂષના જેવા થાય છે તેનું વર્ણન આપી ગયા છીએ, છોકરાં વળી વંશના કોઈના પણ જેવા ન થતાં એકીવાર જૂદા વંશના ઉત્પન્ન થયેલા માણસના જેવા થાય છે તેનું હવે વર્ણન કરવામાં આવે છે.

---

groes, and this conclusion has been arrived at by various observers. From these facts we may perhaps infer that the degraded state of somany half castesis in part dui to reversion to a prionitive and savage condition, induced by the act ot crossing even if mainly dai to the unfavourable mrral conditions under which they are geneeally reared. (Darwin's variation of animals and plants Vol II chap XIII.)

જે દેશમાં વિધવા વિવાહ ચાલે છે, તે જગ્યાએ વખતો વખત દીઠામાં આવે છે કે બીજા સ્વામીના બીજથી ઉત્પન્ન થયેલા છોકરાં બીજા સ્વામીના જેવાં ન થતાં મરી ગયેલા સ્વામીનાં જેવાં થાયછે, છોકરાં ઉત્પન્ન થવાની ચાર પાંચ વર્ષ પહેલાં જે સ્વામી મરી ગયો હોય છે, તેની આકૃતિ, તેના અવયવ બીજા માણસના બીજથી ઉત્પન્ન થયેલાં છોકરાંમાં શી-રીતે જન્મેછે તેનો વિચાર કરવાથી આશ્ચર્ય થવાય છે, એના કારણો ઘણીક રીતના અનુભવ કરવામાં આવે છે. કેટલાકો કહે છે કે કોઈ કોઇ ગર્ભમાં પહેલાં સ્વામીના બીજ સંચિત હોય છે તે માટે એવાં છોકરાં ઉત્પન્ન થાય છે, પણ એ વાત તદન અગ્રાહ્ય છે. કેટલાંકો કહે છે કે ગર્ભધારિણી જે મૂર્તિનો વિચાર કરે છે તે મૂર્તિ છોકરાંની થાય છે; વિરહકાતર સ્ત્રી પહેલાં સ્વામીની મૂર્તિનો સર્વદા વિચાર કર્યા કરે છે તેથી પૂર્વ સ્વામીના પ્રમાણે તેના છોકરાં થાયછે પરંતુ આ ધારવું પણ ઘણાઓ માનતા નથી; તેઓ કહે છે કે, એ કોઈની મૂર્તિનો વિચાર કર્યાથી આવું સરખાપણાનું કારણ થાય તો ગાય મેંઢીને એ કારણ થાત નહિ, કેમકે ચોપગાં જનાવરો બીજાનો આકાર ધ્યાન કરી શકતા નથી; તે છતાં પરીક્ષાથી સિદ્ધ થયું છે કે, ચોપગાં જનાવરોમાં પણ આવું મળતાપણું થાય છે. ગધેડાના બીજથી કોઇ ઘોડી પહેલી ગર્ભવતી થવાથી જો તે ઘોડીને પાછી કોઈ સુંદર ઘોડાથી બીજીવાર ગર્ભવતી કરાવવામાં આવે તોપણ કદાચ તે પહેલા ગધેડાના જેવું તેનું બચ્ચું ઉત્પન્ન થાય છે. ઘોડાના બીજનું બચ્ચું ગધેડાના જેવું થાય એ અજાયબનો વિષય છે. પણ આવા બનાવ ઘોડાં, કુતરાં, મેંઢાં, શૂવર વગેરે ઘણીક જાતનાં ચોપગાંમાં વારંવાર થાય છે પહેલા જણાવેલા વાંધા લેનારા કહે છે કે આવું મળતાપણું ગર્ભધારીણીના વિચારથી થતું નથી, એ કેવળ લોહીના સંબંધથી થાય છે. તેઓ કહે છે કે ગર્ભમાંના ભ્રુણના લોહીના સંબંધથી માનું શરીર પિતૃ ચિહ્નવાળું થાય છે અને તે ચિહ્ન પછીના છોકરાંમાં સંચિત થાય છે. આ અનુભવ સંબંધમાં બીજા એક પક્ષના માણસો વાંધો ઉઠાવેછે કે, જો લોહીના સંબંધથી માતૃદેહ પિતૃ ચિહ્નગ્રસ્ત થાય, તો પક્ષીના સંબંધમાં આ નિયમ લાગું પડતો

નથી, કેમકે પક્ષીના ગર્ભના ઇડાંની સાથે માના લોહીનો કોઇ જાતનો સંબંધ રહેતો નથી, તે છતાં ચોપગાં જનાવરના પ્રમાણે પક્ષીના પણ બચ્ચાં પૂર્વ ગર્ભકર્ત્તાના જેવા કોઈ કોઇ વખતે થાય છે. પક્ષીઓમાં આવું મળતાપણું ઉત્પન્ન થાય છે. એ ઘણાક સંપૂર્ણ રીતે માનતા નથી, પણ ડાક્ટર સેપિયાસે આવું સરખાપણું કબુતરમાં જોયું છે. પણ ડારવિન કહે છે કે, એના બીજા પણ પ્રમાણ જોઇએ. ગુજરાત કાઠિયાવાડમાં આ વિષય ઉપર કંઈ લક્ષ નથી, એટલા માટે આપણામાંથી કોઇને આ વિષયના પ્રમાણ એકઠાં કરવા સંભવ નથી, તેથી આ સહજ પરીક્ષાને માટે યુરોપના મુખ તરફ જોવું પડે છે.

ગર્ભિણી જે મૂર્તિની ચિંતા કરે છે, છોકરાં તે મૂર્તિ મેળવેછે એવો વિશ્વાસ પહેલા સર્વત્ર હતો અને આપણા દેશમાં હજી સુધી છે. ભરતખંડના શાસ્ત્રકારોએ ગર્ભધારિણીને માટે જે નિયમ બાંધ્યા છે તે જોયાથી સ્પષ્ટ જણાય છે કે તેઓ પણ આવું માનતા હતા. ગર્ભધારિણીએ ખરાબ દેખાવ અથવા કદરૂપા માણસને જોવા નહિ કેમકે તેમ કર્યાથી છોકરાં કદરૂપા થશે; સર્વદા સ્વામીને જોવા અને સ્વામીના જેવા છોકરાં થાય એવી ઇચ્છા રાખવી કેમકે જે માણસને સર્વદા જોવામાં આવે, અથવા સર્વદા ચિંતા કરવામાં આવે તેના જેવા છોકરાં થાય છે.

મુસલમાનોમાં પણ આ વિશ્વાસ કેટલોક હતો, કેમકે સંભળાય છે કે, મુરસિદાબાદના એક નવાબે એક વાર એક ગર્ભવતી ઘોડીની સામે પોતાની ઇચ્છા પ્રમાણે રંગથી ચિતરીને એક માટીનો બનાવેલો ઘોડો રાખ્યો હતો. કહેવાય છે કે તે ઘોડાના જેવા રંગનો વછડો થાય એવી ધારણાથી માટીનો ઘોડો બનાવ્યો હતો. લોકો કહે છે કે તેવા રંગનું બચ્ચું ઉત્પન્ન થયું હતું આ કહેવું કયાં સુધી ખરૂં છે તે નકકી કરવાનાં કંઇ પણ ઇલાજ નથી, પણ લોકોનો એ વિષયમાં કેટલો વિશ્વાસ છે તે આ લોકવાયકાપરથી જણાય છે અને તે દેખાડવા માટે અમે આ નવાબી કૌશળની હકીકત આપી છે.

પશુમાં રૂપનો વિચાર કરવો એ અસંભવ છે એવો જે વાંધો ઉઠાવ

લખવામાં આવ્યો છે તે કદાચ ખરો પણ હોય, પણ તેમ કહીને મનુષ્ય સંબંધમાં પણ તે વાંધો ખચીત બળવાન થાય એવું જણાતું નથી, કેમકે ઘણીક વખતે ચિંતાથી ગર્ભમાંના બાળકના ગઠન સંબંધમાં ફેરફાર થયેલા જોવામાં આવે છે, એકવાર સૂર્ય ગ્રહણની વખતે એક ગર્ભવતીને તેના સગાંવહાલાંએ એક નિર્જન ઓરડામાં સૂવાડી રાખી, તેઓનો વિશ્વાસ હતો કે ગર્ભણીને કેટલાક વિષયમાં સાવચેત રહેવું જોઇએ. કદાચ તેમાં કંઈ ફરક પડે એવા ભયથી એક મોટી ઉમ્મરની સ્ત્રી આવીને ગર્ભવતીની પાસે બેઠી હતી, એવામાં બહારથી એકદમ ગડબડ થવાથી મોટી ઉમ્મરની સ્ત્રી ગભરાઇને ઉઠવા લાગી, તેની જોડે ગર્ભવતી પણ ઉઠવા ગઈ પણ તેને યાદ આવ્યું કે તે નિષિદ્ધ કાર્ય કરે છે. તરત ફરી સૂવાનો ઉદ્યોગ કર્યો. તે વેળાએ ડોશીએ જોયું કે ગર્ભવતીએ ડાબો પગ આપ્યો છે. તરત ડોશીએ બુમ પાડી કે તરત ગર્ભમાંના બચ્ચાંનો પગ વાંકો થઈ ગયો, બીજા સગાંવહાલાં આવીને ગર્ભવતીને ઠપકો આપવા લાગ્યા, ગર્ભવતીએ ભયથી નીચું માથું ઘાલ્યું, અમે તરત જઇને સમજાવવાનો ઘણો યત્ન કર્યો પણ કંઇ પણ ફળ નિપજ્યું નહિ, ગર્ભવતીનો સ્થિર વિશ્વાસ થયો કે તેના છોકરાનો પગ વાંકો થશે. તે નિત્ય તેનોજ વિચાર કરતી હતી. વખત જતે છોકરૂં ઉત્પન્ન થયું પણ ગર્ભધારિણીને જે ધારતી હતી તેજ થયું હતું. છોકરાનો ડાબો પગ વાંકો જોઇને અમે પણ આશ્ચર્ય પામ્યા હતા લગભગ ૧૮ વરસની ઉમ્મર સુધી છોકરાનો ડાબો પગ એટલો વાંકો હતો કે તેનાં જોડાંને માટે ખાસ ઓર્ડર આપવામાં આવતાં હતાં. હાલમાં કેટલાક વર્ષ થયા તેનું વાંકાપણું પોતાની મેળે ચાલ્યું ગયું છે. આ અંગ વૈલક્ષણ્ય ગર્ભધારિણીનો સર્વદા ચિંતા કરવાના ફળ શિવાય બીજું શું કહેવાય ?

એકવાર એક ડાકતર કોઈ ગરીબ ગૃહસ્થના ઉપર કૃપા કરીને જોવા તથા દવા આપવા ગયો હતો. ગૃહસ્થની સ્ત્રી તે વેળાએ ગર્ભવતી હતી. દરવાજાની પછવાડે ઉભી રહીને ગર્ભવતી તે અંગ્રેજને જોતી હતી. આટલે પાસે કોઇ વખતે પણ અંગ્રેજને જોયો નહોતો એટલા માટે લાગ જોઇને વિશેષ આગ્રહની સાથે જોતી હતી. અંગ્રેજ ગયા પછી ગર્ભધારિણી બ-

ધાની પાસે અંગ્રેજના વાળની ઓળખાણ આપવા લાગી. અંગ્રેજનો રંગ સફેદ થાય છે પણ તેઓના વાળનો રંગ પણ સફેદ થાય એ વિશે ગર્ભવતી એકીવારે જાણતી નહોતી. એટલા માટે અંગ્રેજના વાળ જોઇને વિશેષ આશ્ચર્ય બની હતી; વખતો વખત કેવળ તેનોજ વિચાર કરતી હતી. પછી તેને છોકરૂં થયું તેના માથાના વાળ સંપૂર્ણ અંગ્રેજના રંગના જેવા થયા હતા. છોકરૂં ૮–૧૦ વર્ષ સુધી જીવતું હતું, તેના વાળ જોઇને બધા આશ્ચર્ય પામ્યા હતા.

આ સંબંધમાં બીજો એક બનાવ અમારા જાણવામાં છે. એક જુવાન પુરૂષે અંગ્રેજી પડદો વેચાતો લીધો હતો. તે પડદાપર એક સુંદર બાળકને નિદ્રાભંગમાં ચિતારેલો હતો. જુવાને એક દહાડો જોયું કે પોતાની સ્ત્રી અતિ આગ્રહની સાથે પડદો એકલી જુએ છે અને વખતો વખત ચિત્રમાં ચીતરેલા છોકરાને બકી દેતી હતી. સ્વામીને જોઇને યુવતી શરમાઇ અને હસતા હસતા તેણે પૂછયું કે, આપણુને શું આવો સુંદર છોકરો થશે? આ વખતે તે ગર્ભવતી હતી. તેના સ્વામીએ જોયું કે ગર્ભવતી સર્વદા તે ચિત્રને પોતાની પાસે રાખતી હતી, પછી યથાકાળે તેને છોકરો થયો, લગભગ છ મહિનાની ઉમ્મરના સમયમાં જોવામાં આવ્યું કે, છોકરાનો પેટ તથા છાતીનો દેખાવ પડદાના ચિત્રિત બાળકના જેવો થયો હતો. પછી ધીરે ધીરે તેનું આખું શરીર તેના જેવું બરાબર થયું. આ વખતે જે પડદો જોતા હતા તેઓ ધારતા હતા કે એ બાળકની પ્રતિમૂ ત છે. આ આશ્ચર્ય મળતાપણું બાળકનું લગભગ બે વર્ષની ઉમ્મર સુધી હતું પણ પછી તે રહ્યું નહિ. આ ઉદાહરણોથી ઘણાકો સમજી શકશે કે ગર્ભવતીના વિચાર પ્રમાણે છોકરાં થવાં એ કંઇ વગર પાયાના વિચાર નથી.

સરખાપણું માબાપની સાથે ગમે તો હો અથવા બીજા કોઇની સાથે હો, ઘણી વખતે તે કેવળ થોડા કાળને માટે રહે છે, કેવળ તે વખતો વખત થાય છે. ડારવિન કહે છે કે આવું સરખાપણું કેવળ પશુઓમાં જોવામાં આવે છે. જેને એકવાર કાળા રંગના કુકડાથી સફેદ પાંખવાળી કુકડીનાં બચ્ચાં ઉત્પન્ન કરાવ્યા હતા. કેટલાંક બચ્ચાં પહેલે

વર્ષે ખાસા સફેદ થયા, બીજે વર્ષે કાળા થઇ ગયા. વળી કેટલાક બચ્ચાં પહેલે વર્ષે કાળા રંગના હતા, બીજે વર્ષે ખાસા સફેદ ન થતાં એક જાતના સફેદ પીછાંવાળા થયાં. ડારવિન કહે છે કે મેં હોફાકાર નામના વિદેશી વિદ્વાનના ગ્રંથમાં વાંચ્યું હતું કે, લાલ રંગના પાંઢના બીજથી કાળી ગાયના પેટથી જે વાછડું ઉત્પન્ન થાય છે અથવા કાળા રંગના પાંડથી લાલ રંગની ગાયના ગર્ભથી જે વાછડું જન્મે છે તે કોઈ કોઇ વખતે પહેલા લાલ રંગનું થાય છે પછી કાળા રંગનું થાય છે. આપણા દેશમાં આવા રંગ ફરી જવાની ગાયોમાં ઘણકોએ જોયું હશે.

આકૃતિનું પરિવર્તન સર્વદા થાય છે તે બધા જુએ છે. નાનપણની એક આકૃતિ છે, વૃદ્ધાવસ્થાની બીજી જાતની આકૃતિ છે, બાલ્યાવસ્થામાં, કૈશારાવસ્થામાં, યૌવનમાં, વૃદ્ધાવસ્થામાં જે ફેરફાર થાય છે તે ઘણું કરીને એક આકૃતિનું પરિવર્તન માત્ર છે, પણ જે કહેવામાં આવે છે તે જુદું છે. આગળ કહેલા બાળકને છ મહિનાની ઉમ્મરથી લગભગ બે વર્ષની ઉમ્મર સુધી પડદામાં ચિતરેલા બાળકના પ્રમાણે દીઠામાં આવ્યું હતું. પછી બીજી જાતનું થયું. અમારો કહેવાનો તાત્પર્ય એવો નથી કે આ પરિવર્તન કેવળ ઉમ્મર વધવાની સાથે મૂળ આકારનું તારતમ્ય માત્ર છે; આવું કહેતા નથી કે તે આકાર રહ્યો છે, ઉમ્મરથી તેની કંઇ જુદાઇ થઈ. અમે જૂદા પ્રકારે પરિવર્તનની વાત કહીએ છીએ. પહેલા તો આકાર લુપ્ત થઇને ભિન્ન આકાર પરિસ્ફુટ થાય છે, અર્થાત્ મૂળ આકારનું પરિવર્તન થાય છે એજ કહીએ છીએ. અમારો વિશ્વાસ છે કે એક માણસની આકૃતિ ધીરે ધીરે ફેરફારવાળી થઇને બીજા માણસના પ્રમાણે થઇ શકે છે. આ વિશ્વાસ સંપૂર્ણ અયોગ્ય તરીકે ઘણાઓને જણાશે, પહેલા તે અમને પણ જણાતો હતો, પણ જેઓ પરીક્ષા કરવાને માટે તૈયાર છે તેઓ બીજાના પ્રમાણે અગ્રાહ્ય ન કરે.

બૈજિક પ્રબળતા.

હવે બૈજિક પ્રબલતા સંબંધમાં કંઇક લખવામાં આવે છે. જાતિ વિશેષમાં અથવા માણુસ વિશેષમાં બીજની પ્રબલતા રહેલી છે. શિયાળ અને કુતરાંમાં શિયાળની બૈજિક પ્રબલતા વધારે છે, ઘોડાં અને ગધેડાંમાં ગધેડાંની બૈજિક પ્રબલતા વધારે છે. શિયાળ તથા કુતરાંમાં બચ્ચાં ઉત્પાદિત થયાથી શિયાળનાં જેવાં બચ્ચાં થાય છે, કુતરાંનાં જેવા એકીવાર થતા નથી. ઘોડી અને ગધેડાના સંયોગથી જે બચ્ચાં જન્મે છે તે ગધેડાના જેવા થાય છે, ઘોડીના જેવા થતા નથી. આ ઠેકાણે કહેવું જોઇએ કે ઘોડાના કરતાં ગધેડાનું બૈજિક બળ વધારે છે એ વાસ્તે બચ્ચાં ગધેડાના જેવા થાય છે.

આવી રીતે વળી માણુસ વિશેષમાં પણ જોવામાં આવે છે. કોઈ કોઇ માણુસની એવી બૈજિક પ્રબલતા હોય છે કે તેઓ જે સ્ત્રી ગ્રહણ કરે છે, અથવા જે પુરૂષ ગ્રહણ કરે છે છોકરાં કેવળ તેઓના શારીરિક ચિહ્ન પ્રકાશ કરે છે; બીજાનાં કોઇ ચિહ્ન પણ જણાતા નથી. પહેલા જે હકીકત આપવામાં આવી છે તેમાં ઘણાકની બૈજિક પ્રબલતા દેખાડવા માટે આ જગાએ પુનરૂલેખ કરી શકાય છે. ડારવિને એક કાળા રંગના કુકડાની વાત જણાવી છે. જે કુકડાનાં બચ્ચાં કાળા રંગના થયા હતાં ગમે તે રંગની કુકડીના ગર્ભથી જન્મ થાય પણ તેના બીજનાં બચ્ચાં નિશ્ચય કાળા રંગ થતા હતાં. એક માણુસની એક ગાય હતી, તેનો રંગ ગોવાળિયા સામલા કહેતા હતા. અર્થાત્ કાળારંગની તથા સફેદ રંગના લોમથી તેનું શરીર આચ્છાદિત હતું. કોઇ જગ્યાએ કાળારંગના લોમ વધારે હતા અથવા કોઇ જગ્યાએ સફેદ રંગના લોમ વધારે નહોતા, બેઉ રંગના લોમ આખા શરીરમાં સમભાવે સન્નિવેશિત હતા. વળી તેમાં ઘણા કાળા રંગના હતા. આ ગાયના વાછડાં માત્ર સામળા થતા હતા. બીજી સામળી ગાયના વાછડામાં કોઇ સફેદ રંગના થયા અથવા કોઈ કાળા રંગના અથવા બીજા રંગના થયા પરંતુ જે ગાયની ઓળખાણ આપવામાં આવે છે તેના બચ્ચાં

સામળા ભિન્ન બીજા રંગના કદી થતા નહોતા; સફેદ રંગની અથવા લાલ રંગનું અથવા જે રંગની પાંઢની જાત હોય, તોપણ વાછડાનાં રંગ નિશ્ચયજ સામળો થતો હતો, તેની ખુરી નિશ્ચય લાલ રંગની થશે, આ ઠેકાણે કહેવું પડશે કે ગાયની ઐજિક શક્તિ અતિ પ્રબલ હતી. ગમે તે જાતનો પાંઢ હોય કોઇ રીતે પોતાની આકૃતિ વાછડાંમાં લાવી શકતો નહોતો, બધા પાંઢ ગાયની પાસે ઐજિક અંશમાં દુર્બલ તરીકે સપ્રમાણિત થતા હતા, ગાયનું પુરૂષાનુક્રમથી ઐજિક વિષયમાં આવું પ્રબલ હતું અમે તેની ત્રણ પેઢી જોઈ છે.

અસ્ટ્રિયા રાજ્યના રાજાના વંશમાં પણ એવી ઐજિક પ્રબલતા છે એવું સંભળાય છે. તેઓ ગમે તે વંશની જોડે લગ્ન કરે છે તેઓના છોકરાંના હોઠ તેઓના વંશના પ્રમાણે મોટા થાય છે, વિવાહિત વંશના જેવા થતા નથી. *

આવી રીતે ઐજિક પ્રબલતા કદી સ્ત્રીમાં કદી પુરૂષમાં જોવામાં આવે છે. જ્યાં સ્ત્રીની ઐજિક પ્રબલતા હોય છે, ત્યાં છોકરાં માના પ્રમાણે થાય છે. જ્યાં પુરૂષની ઐજિકની પ્રબલતા હોય છે, ત્યાં છોકરાં બાપના જેવા થાય છે. એ વાસ્તે કેટલાક લખનારાઓ કહે છે કે સ્ત્રીની ઐજિક પ્રબલતા વધારે છે, તે જગ્યાએ કદાચ કન્યા વધારે ઉત્પન્ન થાય છે, વળી જે ઠેકાણે પુરૂષની ઐજિક પ્રબલતા વધારે હોય છે, તે જગ્યાયે પુત્ર વધારે ઉત્પન્ન થાય છે. વાકરે કહ્યું છે કે આયર્લંડના એક ગૃહસ્થે એકના પછી એક ત્રણ વિવાહ કર્યા હતા અને ત્રણ સ્ત્રીના પેટે જેટલા સંતાન થયા હતા તે બધા પુત્ર થયા હતા. §નાઇટે લખ્યું છે કે તેની બે ગાયએ એકના પછી એક વાંછડીઓ પ્રસવ કરી હતી. પહેલી ગાયએ પંદર વર્ષમાં ચઉદ

---

* Such are the features of the reigning house of Austria, in which the thick lip introdnced by the marriage of the Emperor Mosimilian with Mary of Bnrgundy, is visible in tpeir descend ants of this day after a lapse of three centnries, *Wlker on intermarriage p.* 45.

§ From Phieoseppical Trans 1789.

વાંછડી પ્રસવ કરી; બીજીએ શોળ વર્ષમાં પંદર વાછડી પ્રસવ કરી. તેણે એ પણ કહ્યુ હતું કે દરેક વારે પાંઢ બદલાવવામાં આવતા હતા તથાપિ વાછડીના શિવાય વાછડો થતો નહોતો, કેવળ બે ગાયને એક એક વાર વાછડો થયો હતો ‡

સર્વદા દીઠામાં આવે છે કે માણસ વિશેષને કદી એક સ્ત્રી હોય છે તો લાગટ પુત્ર પ્રસવ કરે છે વળી તે માણસને કોઈ બીજી થાય તો લાગટ કેવળ કન્યા પ્રસવ થાય છે. આવી જગ્યાએ ઘણાકો કહી શકશે કે પહેલી સ્ત્રીના કરતાં તે પુરૂષની ઐન્દ્રિક પ્રબળતા હતી. તેમજ કેવલ પુત્ર જન્મ્યા છે વળી બીજી સ્ત્રીના કરતાં તેની ઐન્દ્રિક દુર્બલતા હતી તેથી કેવળ કન્યા જન્મી છે. પણ ઐન્દ્રિક પ્રબળતા અથવા દુર્બળતાજ એનું કારણ છે તે નિશ્ચય કહી શકાતું નથી; હાલના વિદ્વાનોમાં આવો મત સંભળાતો નથી. પૂર્વમાં જેઓ આવા મતને પુષ્ટિ આપતા હતા, તેઓ ઐન્દ્રિક પ્રબલતા તથા બીજાધિક્ય આ બે વાતનો પ્રભેદ સારી રીતે જાણતા નહોતા.

પહેલા વારંવાર કહી ગયા છીએ કે માબાપના પ્રમાણે છોકરાંનાં શરીરના અવયવ તથા ચાલચણુ થાય છે. જે જગ્યાએ બાપનું ગઠન એક રીતનું છે અને માનું ગઠન બીજી રીતનું છે, તે જગ્યાએ છોકરાંના ગઠનના દરેક ભાગમાં માબાપના જેવા થઇ શકતા નથી; કોઇ ભાગ બાપના જેવો તો કોઇ ભાગ માના જેવો થાય છે. જેમકે ભેંશના પાડાથી ગાયના ગર્ભમાં જે બચ્ચું ઉત્પન્ન થયાથી કોઈ ભાગ પાડાના જેવો કોઇ ભાગ ગાયના જેવા થશે. કદાચ શિંગડા તથા પુછડી ભેંશના જેવી, અંગ ગઠન ગાયના જેવું થશે. ગુજરાતી તથા કાઠિયાવાડી પુરૂષના બીજથી શીદણુના ગર્ભમાં જો છોકરાં થાય તો છોકરાંના વાળ શીદીના જેવા ગુછાળા થશે. આકાર કદાચ ગુજરાતી તથા કાઠિયાવાડીના જેવો જરા લાંબો થશે પણ જે જગ્યાએ મા અને બાપના ગઠનમાં કંઇ ફરક હોતો નથી બેઉનાં શરીરનાં અંગ પ્રત્યંગ એકજ રીતના છે, તે જગ્યાએ છોકરાંનાં બધાં અંગ પ્રત્યંગ સા-

‡ Quoted by Walker.

પ્રારણુ રીતે બેઉનાં જેવાં થવા સંભવે છે. જે છોકરાંનાં માબાપ બેઉ શીદી છે તે છોકરાંનાં દરેક અંગપ્રત્યંગ શીદીના જેવા થાય છે. જે ગાયના બચ્ચાંનાં માબાપ બેઉ દુબલા અથવા શિંગડા વિનાના હોય છે, તે બચ્ચું જરા બેઉના જેવું દુર્બલ અથવા શિંગડા વિનાનું થવાની સંભાવના છે, જો તેમ ન થાય તો આગળ પૂર્વ પુરૂષના મળતાપણાના બનાવની હકીકત જે આપી છે તે બનશે અથવા બીજું કોઈ વિશેષ કારણુ પ્રબલ થઇ રહેશે, નહિ તો ઘણું કરીને જે જોવામાં આવે છે તેના પરથી એક રીતે નિશ્ચય કહેવાઈ શકાય કે જે ઠેકાણે પાંઢ તથા ગાય બેઉ દુર્બલ અથવા શિંગડા વિનાના છે તે ઠેકાણે વાછડું ખચીત દુર્બલ અથવા શિંગડા વિનાનું થશે.

એટલા માટે માબાપની આકૃતિ અથવા પ્રકૃતિ સંબંધમાં જેટલું મળતાપણું રહેશે તેટલું છેકરાંમાં તે પૂરે પૂરૂં આવશે, પણ માબાપ જૂદાં જૂદાં વંશમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી તેઓમાં પોતાનું સરખાપણું વધારે હોતું નથી, તેથી તેઓનાં છોકરાં બેઉનાં પ્રમાણે થશે એવી આશા રખાતી નથી. છોકરાં આ હાલતમાં કદાચ પિતાના જેવા અથવા માના જેવા થશે, અથવા કેટલીક રીતે પિતાના જેવા અને કેટલીક રીતે માના જેવા થશે. બીજા સ્ત્રી પુરૂષના કરતાં પાસેના સગામાં એક મેકનું સરખાપણું વધારે રહે છે. વળી સગાના કરતાં ભાઇ બહેનમાં વધારે મળતાપણું વધારે પ્રબલ હોય છે, એ વાસ્તે વિલાયતના પશુને પાળનારાઓ તથા વેપાર કરનારાઓ જરૂર હોય તો ભાઇ બહેનોમાંથી બચ્ચાં ઉત્પન્ન કરી લે છે, બાપ તથા કન્યામાં મળતાપણું રહેછે એટલા માટે તેઓમાં પણ બચ્યાં ઉત્પન્ન કરાવે છે. આ રીતિને અંગ્રેજીમાં inter breeding અથવા in-and in breeding કહે છે. આપણી ભાષામાં એનો કોઇ પ્રચલિત શબ્દ નથી તેથી તેને હાલમાં કુળબીજ તરીકે વાપરીએ છીએ એ રીતિનું ફૂળ સારૂં બરાબર છે.

સારૂં ફૂળ એ છે કે, જો કોઇ વિશેષ ગુણને માટે કોઇ પશુ અથવા પક્ષી પ્રતિષ્ઠા મેળવે અથવા તેને માટે બીજા પશુ પક્ષીના કરતાં તેની કિંમત વધારે થાય તો આ રીતથી તે વિશેષ ગુણ વંશાગત કરાઇ શકાય છે. વિલાયતમાં કેટલીક ગાય મેંઢાનો વંશ વિશેષ પ્રખ્યાત થયો છે, તે આ

નિયમના કૌશળથી થયો છે. માનું કુળ તથા પિતાનું કુળ જૂદુ કર્યાથી ઇચ્છેલા ગુણને વશંગત કરી શકતા નથી. એક કુળનો ગુણ કદાચ બીજા કુલની ઐન્દ્રિક પ્રબલતાથી ખંડિત થઇ શકે છે. અથવા કદાચ બેઉ કુલનાં ગુણ દોષ છોકરાંમાં આવીને ગુણના કરતાં કોઇ દોષનો ભાગ પ્રબળ થઈ શકે છે, આ ભયથી ધંધાદારીઓ કેવળ ભાઈ બહેન તથા તેની ખોટથી પાસેના સંબંધીમાં બચ્ચાં ઉત્પન્ન કરાવે છે. પાસેના સંબંધીમાં કેટલાક સરખા ગુણ હોય છે. એક લોહી હોવાથી ગુણ દોષ એક જાતના હોય છે. એ વાસ્તે વાંછિત ગુણ તેનાથી રક્ષણ થઇ શકે છે.

પશુઓમાં આવી રીતે કુળ બીજક કેવળ વેપારીઓથી પહેલાં બન્યું છે એમ નથી. તેઓની ઘણીક જાતિમાં તે સ્વભાવ સિદ્ધ છે. મનુષ્યમાં એ કેવું સ્વભાવિક છે તે કહી શકાતું નથી, જણાય છે કે કેવળ સંસ્કાર વિરૂદ્ધ છે. સ્વભાવ વિરૂદ્ધ નથી. પોત પોતાના સગામાં વિવાહ કરવાની રીતિ ઘણીક જગાએ ચાલે છે, સગામાં વિવાહ પણ એક જાતના કુલબીજક છે. એનાથી પશુઓમાં જે ફળ ઉત્પન્ન થાય છે મનુષ્યોમાં પણ તેજ થઇ શકે છે. અર્થાત્ માબાપની સાથે છોકરાંનું મળતાપણું ઉત્પન્ન થઇ શકે છે. પણ જે મતલબથી સગામાં વિવાહ કરવામાં આવે છે તે સાધારણ રીતે પ્રચલિત થયા છે એમ નથી. છોકરાં માબાપના જેવા થાય એ કેટલા માણસો અંતરથી ઇચ્છે છે અથવા તે મતલબથી વિવાહ સંઘટન કરે છે? તથાપિ જે સગામાં વિવાહ કરવાનું અંગ્રેજ પારસી અને મુસલમાનો વગેરેમાં સાધારણ રીતે જોવામાં આવે છે, તેનું મૂળ કારણ કુળાનુરૂપ છોકરાંની ઇચ્છા હોતી નથી, પણ કેવળ આ વિવાહ થોડે ખર્ચે, થોડી મહેનતે, નાની ઉમ્મરે થાય છે તેથી પ્રચલિત થયો છે.

સગામાં ગમન કરવાની રીતિના સારા ફળની વાત કહેવામાં આવી, ખરાબ ફલની હકીકત હવે કહીએ છીએ. પશુને ઉછેરીને વેચનારા ધંધાદારીઓ અને ઘણાક વિજ્ઞાનવિદો કહે છે કે આ રીતે લાંબી મુદ્દત સુધી લાગટ પ્રચલિત રાખ્યાથી પેઢી દર પેઢીએ બળનો ક્ષય થાય છે, આકાર નાનો થઈ જાય છે, છોકરાંને ઉત્પન્ન કરવાની શક્તિ પણ ઓછી થઇ જાય

છે. પણ ઘણાકો આ વાતને એકીવાર કબૂલ કરતા નથી. *અમે એનો કોઇ પણ પક્ષ સમર્થન કરવાને તેયાર નથી, તે છતાં જેઓ ધંધાને લીધે તેના પુષ્કળ પ્રમાણો મેળવે છે, તેઓની વાતને અમે અવહેલા કહી શકતા નથી. રાઇટ નામનો એક પશુના વેપારીએ એક સૂવર માળ્યો હતો, સાત પેઢી સુધી સૂવર પોતાની કન્યાના વંશમાં બચ્ચાં ઉત્પન્ન કરે છે. તેનું ફળ એ થયું કે કેટલાંક બચ્ચાં થોડાક દિવસમાં મરી ગયાં, કેટલાક ચાલવાની શક્તિથી રહિત થયા, કેટલાક જડવત્ જન્મ્યા, એટલુંજ નહિ પણ દુધ પીવામાં પણ અસમર્થ થયા હતા, વળી કેટલાકમાં છોકરાં ઉત્પન્ન કરવાની શક્તિ મુદલે નહોતી. † નાથુસીસ નામના એક પ્રતિષ્ઠાવાન જર્મને પોતાના દેશમાં આવી બીજી એક પરીક્ષા કરી હતી. યાર્કસાયરથી તેણે એક મોટા કદની સૂવરી મંગાવી હતી, સૂવરી તે વેળાએ ગર્ભવતી હતી. જર્મનીમાં આવીને તેને કેટલાંક બચ્ચાં થયાં. બચ્ચાં મોટા થવાથી તેઓમાં બચ્ચાં ઉત્પન્ન કરાવવા લાગ્યો. આવી રીતે ત્રણ પેઢી થયા પછી નાથુસીસે જોયું કે ધીરે ધીરે દુર્બળ તથા નાના કદના બચ્ચાં થાય છે. અને કેટલાકને બચ્ચાં પહેલાથી જન્મતા નહોતા. આખરે તેણે તેઓમાંથી એક બળવાન સૂવરી પસંદ કરીને બીજા વંશના સૂવરની પાસે રાખી તેનાથી સૂવરીને પહેલા ૨૧ બચ્ચાં થયાં, તેની પહેલા પોતાના કબજામાં સૂવરીને કેટલીકવાર ગર્ભ રહ્યો હતો તેમાં પાંચ કે છના શિવાય વધારે બચ્ચાં થયાં નહોતાં, તેઓ પણ ઘણા દુર્બલ થયા હતા.

જેઓ કહે છે કે સંબંધીઓના વંશગત કાંઇ નુકશાની થતી નથી. તેઓ ઘણુંકરીને રીતસર પશુઓને ઉછેરીને ધંધા કરનારા હોતા નથી. જેમાં પાલિત પશુની અવનતિ રોકવા માટે પોતાના પશુનો વંશ અન્તર્મિશ્રિત

---

* See marriage of near kin by Mr Huth 1875 Westminist Review XVCI See alro Mr W. Adan on consanguinity in Marriage in the Fortnightly Review 1865.

† Darwin's Variation of Animals under domistication Vol II p. 101.

રાખી ગયા છે, અર્થાત્ બીજા વંશના પશુનો સ્પર્શ થવા દીધો નથી, તે: ઓએ જોયું છે કે તેથી ખરેખરૂ અનિષ્ટ થયું છે. પશુના મૂળ ગુણની રક્ષા થાય છે ખરી, પણ શારીરિક દુર્બલતા વગેરે કેટલાક દોષ વંશમાં આવે છે તે છતાં આટલું કરી શકાય કે એ બધા પશુને માટે એક સરખુ અનિષ્ટકારક થઈ શકતું નથી. જે ચોપગાં પશુઓ ટોળેબંધ થઈને રહે છે, જેમ કે ગાય મેંઢાં ભેંશ વગેરે તેઓને માટે કુલબીજક લાંબી મુદતે અનિષ્ટ કરે છે, પણ બીજા પશુના વંશમાં કુલબીજક બે ચાર પેઢીમાંજ નુકશાન કરવાનો આરંભ કરે છે.

એની મોટી બાબત ડારવિને લખી છે કે કુલબીજનું ખરાબ ફળ સહેલાઇથી પકડી શકાતું નથી. તે ઘણું ધીરે ધીરે સંચય થાય છે. * ત્રણ ચાર પુરૂષ નહિ ગયાથી તે સંચિત દોષ લક્ષ ઉપયોગી સ્પષ્ટતા મળતી નથી.† પણ કુતરાં, કબુતર વગેરેની ત્રણ ચાર પેઢી થોડા વખતમાં અતિવાહિત થઈ જાય છે. એટલા માટે તેઓના સંબંધમાં આ પરીક્ષા બધા અનાયાસ કરી શકે છે. §

---

* The evil results from close breeding are difficult to detect for they accumulate slowly. *Variation of auinals Vol* 2472.

† Manifest evil does not usually follow for pairing the nearest relations for two three or even four generations; but several causes interfere with over delting the evil—such as the deterioration being very gradual, and the difficulty of distinguishing betwen such direct evil and the inevitable augmentation of any mordid tendencie which may by latent or apparent in the related parents. Darwins Variation of animls ch. XVI.

§Evedene of evil effets of close iuterbreeding can most readily be acquired in the case of animals such as fowls, pigeons &c which propagate quickly and from being kept in the same place are exposed to the same conditions. Variation of animals ch. XVII

પશુ પક્ષીની અવસ્થાની પરીક્ષા કરીને હો કે બીજા કોઇ કારણથી હો, ઘણાઓનો દૃઢ વિશ્વાસ છે કે મનુષ્યને માટે સગામાં વિવાહ કર્યાથી નુકશાની થાય છે. વળી કેટલાકો તે માનતા નથી. પણ એક અનિષ્ટ સ્પષ્ટ જોવામાં આવે છે તે તો કબુલ કરવુંજ પડશે, એક વંશમાં જો કોઇ રોગ હોય તો તે વંશમાં વિવાહ કર્યાથી રોગ મજબુત થાય છે. માબાપના લોહીનો આશ્રય કરીને તે રોગ છોકરાંમાં આવે છે. માબાપ બીજા વંશના હોય તો એકનો રોગાંશ બીજાના લોહીથી સુધરે છે.

પશુઓમાં ધંધાદારીઓ જેમ કરે છે, તેમ જો કોઇ વંશમાં પેઢી દર પેઢીથી સગાંમાં વિવાહ ચાલે તો સગામાં વિવાહ કરવાનું પરિણામ જણાઇ શકાય છે. સંભળાય છે કે માઇશોર રાજ્યમાં રાજકુટુંબમાં ભાઇ બહેનનો વિવાહ થતો હતો તેથી તે વંશ જલદીથી લોપ પામ્યો છે.

પહેલા અમે સગાંમાં વિવાહ કરવાના ફળ સંબંધમાં કંઇક લખી ગયા છીએ. માતૃગોત્રમાં વિવાહ કરવાની હિંદુશાસ્ત્રમાં મનાઈ છે ખરી, પણ તે પિતૃગોત્ર સંબંધમાં છે, માતૃગોત્ર સંબંધમાં વિશેષ મનાઇ નથી. શાસ્ત્રકારોનો વિશ્વાસ હતો કે પિતાજ જનક છે, છોકરાં કેવળ પિતાથીજ ઉત્પન્ન થાય છે, માતા ક્ષેત્ર માત્ર છે. એ વાસ્તે પિતૃગોત્રમાં વિવાહ કરવાની મનાઇ કરી છે. પણ હાલમાં સિદ્ધ થયું છે કે જન્મ સંબંધમાં માતાજ પ્રધાન છે. પિતૃબિજ કેવળ ઉત્તેજક માત્ર છે. પિતૃબીજની ખોટથી પણ ગર્ભ રહી શકે છે તોપણ ગર્ભની રક્ષા ઘણી થતી નથી. ઘણાએએ જોયું છે કે પિંજરામાં બંધ કરેલી પક્ષિણી ગર્ભવતી થઇને ઇંડાં પ્રસવ કરે છે. પક્ષીની સાથે સાક્ષાત્ નહિ થતાં પક્ષિણી ઇંડાં પ્રસવ કરે છે. જેઓ ઘરમાં હંસી પાળે છે. તેઓએ જોયું છે કે પાસે કોઈ હંસ નથી તે છતાં હંસીએ ઇંડાં પ્રસવ કર્યા છે, એટલા માટે પક્ષીના શિવાય પક્ષિણી ગર્ભવતી થાય છે. કીડા પતંગમાં આવા ગર્ભથી બચ્ચાં પણ ઉત્પન્ન થાય છે; તો પણ વધારે નહિ, જે જન્મે છે તે પણ લાંબી આયુષ્ય ભોગવતા નથી. *

---

* Darwins Variation of Animals Vol
P. 357. and Natnre Der. 71,1891.

પુરૂષની સોબત શિવાય જન્મને અંગ્રેજીમાં Tarthenagenisis કહે છે. જીવજંતુમાં આવા જન્મના પ્રમાણ પુષ્કળ મળે છે. મનુષ્યમાં એવા જન્મના કોઇ વિશેષ પ્રમાણ નથી, કેવલ લોકવાયકા સંભળાય છે.

પ્રાણીઓનું જૂદાપણું થવાનું કારણ.

છોકરાંની સાથે માબાપનું કોઇને કોઈ રીતે સરખાપણું રહે છે. અમે આટલે સુધી કહ્યું છે કે છોકરાં માબાપનાં જેવા થાય છે અર્થાત્ બીજા માણસનાં કરતાં માબાપની સાથે છોકરાનું મળતાપણું વધારે થાય છે. કોઈ કોઈ વખતે એવું તો મળતાપણું થાય છે તે જોઇને આશ્ચર્ય થવાય છે. પણ સરખાપણું ગમે એટલું બારીક હોય, કોઇને કોઇ ભાગમાં જૂદાપણુ હોય છે. માબાપના જેવા છોકરાં થાય છે, એ કુદરતી નિયમ છે, વળી માબાપથી છોકરાંનું કંઇક જૂદાપણું રહે છે એ પણ બીજો એક કુદરતી નિયમ છે. બેઉ નિયમ એકએકની જોડે સંબંધ ધરાવતા નથી. સાધારણ રીતે આકૃતિ અથવા પ્રકૃતિના સંબંધમાં પિતા પુત્ર એક પ્રકારના થાય છે, પણ ઘણાક સૂક્ષ્મ ભાગમાં બીજી રીતના થાય છે. પૃથ્વીમાં કોઇ પણ એ પશુ અથવા પક્ષી એક જાતના નથી, કોઇ ભાગને કોઈ ભાગમાં તેઓનું અમળતાપણાનું તારતમ્ય છે. કોઇ ભાગનો પ્રભેદ હોય તો એટલો સ્પષ્ટ હોય છે કે પહેલાજ તેના ઉપર નજર પડે છે. કેટલીક જગ્યાએ અમળતાપણું એટલું સામાન્ય અથવા એટલું બારીક હોય છે કે તેની વિશેષ તપાસ નહિ કર્યાથી જણાતું નથી. આપણી નજર અસંપૂર્ણ છે, સૂક્ષ્મ પ્રભેદ રહેવાથી આપણે તે એકીવારે જોઇ શકતા નથી કાગડાઓમાં એકમેક વચ્ચે કંઇ પ્રભેદ છે તે આપણે જોઇ શકતા નથી, તે છતાં તેઓમાં મોટા પ્રભેદ નહિ હોવા છતાં તેઓને એક બીજા ઓળખી શકતા નથી. મનુષ્યમાં ઘણું સૂક્ષ્મ અમળતાપણું છે એ આપણે ઘણીક વેળાએ સમજી શકીએ છીએ ખરા, પણ બધી રીતે સમજી શકતા નથી. જન્મભૂમિગત આવી રીતનું અમળ-

તાપણું થાય છે તે અમે એકીવારે જોઇ શકતા નથી. પણ એક જાતના નાના નાના કીડાઓ છે, તેઓ આ અમળતાપણું સમજી શકે છે. ગરમ દેશના વ્યક્તિને તેઓ દેખતા નથી. પણ થંડા દેશના માણસોનું ઉઘાડું શરીર મેળવ્યાથી એકીવારે આતુર બની જાય છે. પિતાએ જો થંઢા દેશમાં જન્મ લીધો હોય અને પુત્રનો જન્મ જો ગરમ દેશમાં થયો હોય, તો પિતા પુત્રમાં આ એક જાતનું અમળતાપણું ઉત્પન્ન થાય છે. અલ્પ રીતે જુદાપણું રહેલું હોય છે.

ભારે અમળતાપણું પણ ઘણું થાય છે. માબાપની આંગળીમાં ત્રણ ટેરવા હતાં. છોકરાંની આંગળીમાં બે ટેરવા થયાં. કબુતર અને કબુતરણની પૂછડીમાં બાર પીછાં હતાં તેઓનાં બચ્ચાંની પૂછડીમાં તેર પીછાં થયાં. ધાંઢ અને ગાયના શિંગડાં હતાં, તેના વાછડાંને એકીવારે શિંગડા નહોતાં આવી રીતનું અમળતાપણું ઘણી વાર થાય છે. એક વાર થવાથી તે પૂરૂં થતું નથી, તે વંશપરંપરા ચાલેછે. પણ તે શા માટે થતું હશે તેની મીમાંસા કરવી મુસ્કેલ છે. તથાપિ વિજ્ઞાનવિદોએ મોટા મોટા વિષયનો કેટલોક સિદ્ધાંત કર્યો છે, અમે ટુકામાં તેનું વર્ણન કરીએ છીએ, વ્યક્તિ વિશેષનો પ્રસંગ ન કાઢતાં કેવળ કેટલાક સાધારણ નિયમ કહેવામાં આવે છે. આ સાધારણ નિયમો જાતિની ઉત્પત્તિનું મૂળછે. ઈશ્વર નવી નવી જાતિ સૃષ્ટિ કરતો નથી, તેના નિયમથી જાતિ ઉત્પન્ન થાય છે. તે શી રીતે થાય છે તે આના ઉપરથી સહેજમાં સમજાશે.

જોવામાં આવે છે કે જંગલી પશુ પક્ષી અથવા ઝાડ વેળમાં અમળતાપણું ઘણુંજ ઓછુંછે, એકવાર રહેતું નથી, એમ કહેવાથી ચાલે એમ છે. તેઓ વંશપરંપરાથી એકજ અવસ્થાને તાબે હોય છે, તેથી તેઓની આકૃતિ પ્રકૃતિ વંશપરંપરાથી એકજ જાતની હોય છે. તે પૂર્વાપર પ્રચલિત અવસ્થામાં ફેરફાર થયાથી જોવામાં આવે છે કે ચાર પાંચ પેઢીમાં તેઓમાં અમળતાપણાનો આરંભ થાય છે. જંગલી કેરી નાની તથા ખાટી હોય છે, કદી મોટો આકાર ધારણ કરતી નથી, કદી સુસ્વાદુ થતી નથી. સર્વદા એવી થતી આવે છે. વનની માટી ઘણું કરીને કર્ષણ અભાવથી

સખ્ત થાય છે અથવા તે સ્વાભાવિક કઠણ છે. જેટલાં ઝાડ ત્યાં જન્મ્યાં છે અને જન્મે છે, તે બધાને માટે માટી એક સરખી સખ્ત છે; એટલા બધાની અવસ્થા એજ પ્રકારની થાય છે, તેથી ફળ પણ એકજ જાતના થાય છે. એની હાલતમાં ફેરફાર કરો, તે જાતની કેરીનાં ઝાડને ભીની અને ખેડેલી જમીનમાં વાવો, બે ચાર પેઢીમાં અમળતાપણું થવાનો આરંભ થશે. કોઈ ઝાડની કેરી મોટી થશે, કોઈ ઝાડની કેરી નાની રહેશે, કોઇ ઝાડની કેરી લાંબી થશે, કોઈ ઝાડની કેરીમાં ખટાસ રહેશે અને કોઈ ઝાડની કેરી મીઠી થશે.

અવસ્થામાં ફેરફાર કર્યાથી અમળતાપણાનું સાધારણ કારણછે. નાના પ્રકારના કારણથી એમાં ફેરફાર થાય છે. તેમાં ભોગજનિત અવસ્થાન્તર અને ક્રિયાજનિત અવસ્થાન્તર આ બે મોટા જણાય છે. કેરીના વિશેમાં અમળતાપણાના વિશે જે કહેવામાં આવ્યું છે તે ભોગજનિત છે, જંગલની સુકી તથા સખત માટીમાં થોડો રસ રહે છે, ઘણા ઝાડ રસની ઇચ્છા રાખે છે. પણ ખેડેલી જમીનમાં રસ વધારે હોય છે, તે છતાં તેના રસ ભોગી ઝાડ ઓછા હોય છે. એ વાસ્તે જંગલી ઝાડ અને ગામડાંનાં ઝાડમાં જૂદાપણું ઉત્પન્ન થાય છે, જે જાતના પશુ અથવા પક્ષી પુરૂષાનુક્રમથી ઘણી મુસ્કેલથી ખાવાનું મેળવીને કોઇ પ્રકારે પોતાનું પેટ ભરે છે, તે જાતના પશુ પક્ષી પરિશ્રમથી છુટીને મનુષ્યોલયમાં જો નિત્ય ઘણો ખોરાક મેળવે, તો તેનો વૈજાત્યનો આરંભ થાય છે, આ વૈજાત્ય કેટલોક ભોગજનિત અને વળી કેટલોક ક્રિયાજનિત છે, જે હંસ જંગલી સ્થિતિમાં આકાશમાં ઉડે છે, તેના બચ્ચાં ઉડતાં ન પામતાં ઘરમાં ગોધાઇ રાખ્યાથી તેઓનાં પીછાંની ક્રિયા થઈ શકતી નથી. ક્રિયાની ખોટથી તેઓની પાંખ પુષ્ટ થતી નથી, પુરૂષાનુક્રમથી બંધ રહેવાથી પુરૂષાનુક્રમથી પાંખ અપુષ્ટ રહે છે. આખરે અપુષ્ટ અથવા દુર્બલ પાંખ તેઓને સ્વભાવિક થઇ પડે છે. ગૃહપાલિત થયાથી કેવળ પગથી ગતિવિધિ કરે છે તેથી કેવળ બે પગ પરિપુષ્ટ થાય છે, એના શિવાય ઘણો ખોરાક ખાધાથી શરીર પુષ્ટ અને ભારી થઈ જાય છે અને તે ભારી શરીર લઈ જવું પડે છે, તેથી બે પગ

વળી વધારે બલિષ્ટ અને પુષ્ટ થાય છે. ધીરે ધીરે કેટલીક પેઢીના પછી જંગલી હંસ અને ગૃહપાલિત હંસમાં એવો મોટો ફેરફાર તથા અમળતાપણું થાય છે કે પૃથક જાતિ તરીકે ધારી શકાય છે. એઉને મેળવ્યાથી જોવામાં આવે છે કે પાલિત હંસનું શરીર ઘણું જાડું અને ભારે હોયછે; જંગલી હંસનું શરીર પાતળું અને હલકું હોય છે. જંગલી હંસને માટે સબળ હેતું તેઓ ઉડવામાં સમર્થ હોય છે, પાલિત હંસને માટે દુર્બલ હેતુ ઉડવાને અસમર્થ હોય છે. એકના પગ પાતળા અને હલકા હોય છે, જંગલી હંસ તથા પાલિત હંસની તુલના કર્યાથીજ આ જુદાપણું સમજાશે. વળી આ જુદાપણું શીરીતે ઉત્પન્ન થયું તેનો ઉડો વિચાર કર્યાથી જાતિની ઉત્પતિનું જ્ઞાન થશે.

ક્રિયાજનિત અમળતાપણાના વિશેમાં જે ઉદાહરણ આપવામાં આવ્યાં છે તે જેટલા જોઇએ તેટલા જણાય છે, તથાપિ બીજા એક બે આપવામાં આવે છે. મેમથ નામની ઉડી ગુફામાં જેટલી જાતના જંતુઓ રહેછે તેઓ બધા આંધળા હોય છે. ગુફામાં કોઇ રીતે પ્રકાશ પ્રવેશ થતો નથી. સર્વત્ર અંધકાર હોય છે, કંઇ પણ દીઠામાં આવતું નથી; તેથી આંખની ક્રિયા થતી નથી, ક્રિયા નહિ થવાથી આંખનો કોઇ ભાગ પુષ્ટ થતો નથી. ધીરે ધીરે દરેક પુરૂપની આવી અક્રિયાના કારણથી આંખ દુર્બલ થાય છે. વળી દરેક પુરૂપનું તે દુર્બલપણું છોકરાંમાં ઉતરે છે. ધીરે ધીરે પેઢી દર પેઢીએ આવું થઇને આખરે તેઓ એકીવારે આંખહીન થઇ જાય છે, આવી રીતે મેમથ અને બીજી ગુફાના જંતુઓની આંખ એક પ્રકારે લોપ થઈ ગઇછે; કેવળ આંખનું ગઠન હોય છે, પણ દૃષ્ટિ હોતી નથી. આ જંતુઓના પૂર્વ પુરૂષો જ્યારે અજવાળામાં રહેતા, ત્યારે તેઓની આંખ હતી, હમણાં ક્રિયા જનિત ફેરફાર થયો છે.

જંગલી ગાયના આંચળ એટલા નાના હોય છે કે તેના ઉપર ઘણું કરીને નજર પડતી નથી; પણ ગૃહપાલિત ગાયના આંચળ કેવા મોટા તથા પરિપુષ્ટ હોય છે, તે બધાના જાણવામાં હશેજ. આવા પ્રભેદનું કારણ ક્રિયાજનિત છે તેમાં સંદેહ નથી. દુધ દોહવાની વખતે ગૃહપાલિત ગાયના

આંચળો નિત્ય ખેંચવામાં આવે છે, તે જોવાથી આ પ્રભેદનું કારણ સમજાશે.

ઘણાકો કહે છે કે ચોપગાં જનાવરની જંગલી હાલતમાં કાનનો આગલો ભાગ ઉપરની તરફ હોય છે અર્થાત્ તેઓના કાન ઉભા રહે છે, તેઓના કાનની બનાવટ એવી છે. પણ ગૃહપાલિત થયાથી કેટલીક પેઢીએ તેઓના કાન નમી જાય છે. ડારવિન કહે છે કે શબ્દનો નિર્ણય કરવ માટે વિશેષ કરીને કંઇ તરફથી શબ્દ આવે છે તે નક્કી કરવા માટે ચારે તરફ સર્વદા કાન ઉપાડવા પડે છે, પણ ગૃહપાલિત અવસ્થામાં તેને તેમ કરવાની જરૂર પડતી નથી. ધીરે ધીરે સંચાલન તથા ક્રિયા અભાવથી કાનની નસો અથવા બળમાંસ દુર્બલ થઇ જાય છે તેથી કાન નમી પડે છે.

હાંકે સિદ્ધ કર્યું છે કે જે શરીરના અવયવ સંચાલિત થાય છે, સંચાલનના સમય તે અંગમાં વધારે લોહી દોડે છે, સંચાલન શાંત થયાથી લોહીના પ્રવાહ પણ ઓછો થઇ જાય છે, તેથી જે અંગ ઘણું કરીને સંચારિત થાય છે, તે અંગની નસો કંઇક મોટી થાય છે, માર્ગ મોટા થયાથી લોહી વધારે પ્રવાહિત થાય છે, જે અંગ વધારે લોહી મેળવે છે, તે અંગ ઘણું કરીને પરિપુષ્ટતા મેળવે છે. આપણે ડાબા હાથના કરતાં જમણા હાથને ઘણું કરીને વધારે સંચાલન કરીએ છીએ, એ માટે આપણો જમણો હાથ ડાબા હાથના કરતાં જાડો થાય છે એટલુંજ નહિ પણ આંગળીઓ પણ કંઇક જમણા હાથની મોટી થાય છે. ઉપર હાથ કરનારા સન્યાસીઓ ડાબા હાથને ઉપર કરી રાખે છે, કદી નીચે નમાવતા નથી, તેઓના તે હાથની કંઇ ક્રિયા થતી નથી, તેથી તે હાથની લોહીની ગતિ ઓછી થઇ જાય છે, ધીરે ધીરે હાથ સૂકાઇ જાય છે. એટલા માટે અંગ સંચાલન કર્યાથી જેમ અંગની પુષ્ટિ થાય છે, તેમ ક્રિયાને રોક્યાથી અંગની ક્ષીણતા ઉત્પન્ન થાય છે. પાલિત હંસની પાંખ સબંધમાં દુર્બલતા અથવા પાલિત ચોપગાં જનાવરના કાન સંબંધમાં દુર્બલતા તે માટેજ છે

ઘણાકો જાણતા હશે કે મનુષ્યમાં જંગલી જાતિયો પુરુષાનુક્રમથી

વિશેષ બળવાન હોય છે, શા માટે બળવાન હોય છે ? તપાસ કર્યાથી જોવામાં આવશે કે તેઓને સર્વદા બળની અલોચના કરવી પડે છે. તેઓમાં રાજશાસન હોતું નથી, તેથી વાત વાતનાં મલ્લયુદ્ધથી વિવાદનો ફેસલો કરી લેવો પડે છે. બંદુક અથવા લઢાઈની કૌશળ તેઓમાં હોતી નથી, તેથી તેઓનો જય પરાજય કેવળ શરીરના બળના ઉપર આધાર રાખવો પડે છે. જે બળવાન હોય છે તેઓનોજ જય થાય છે, જે દુર્બલ હોય છે, તે શીકાર કરવાની વખતે પશુને હાથે નહિ તો વિરોધ કાળે શત્રુને હાથે પ્રાણ ત્યાગે છે. તેથી કેવળ બળવાનની રક્ષા થાય છે અને બળવાન પોતાનો વંશ રાખી જાય છે. બળવાનનો વંશ બળવાન થાય છે, એ નૈજિક નિયમ છે. વળી બળવાનોના બળ પરિચાલનાની જોડે ક્રોધ તથા નિર્દય-પણાની પરિચાલના થાય છે. ક્રોધ થયાથી મોંના જે ભાગ કુંચિત અથવા પહોળા થાય છે, ક્રોધનો વારંવાર ઉદય થયાથી તે ભાગ પુષ્ટિ મેળવે છે. જંગલીઓને જોયાથી અતિ સ્પષ્ટ અથવા નિર્દય તરીકે જણાય છે, એ તેનું કારણ છે. જે જાતિમાં યુદ્ધની બહાદુરી નથી, તેથી પરિચાલનાના અભાવથી બળની પણ વૃદ્ધિ થતી નથી ઉલટી ઓછી થાય છે.

ક્રિયાગત અમલતાપણા વિશે ઘણું કહેવામાં આવ્યું, હવે ખોરાકગત અમળતાપણા વિશે કંઇક કહેવામાં આવે છે. પહેલા ભોગજનિત અમળતા-પણાના વિશે જે કહેવામાં આવ્યું છે, તે કેવળ પરિણામ સંબંધમાં છે, ખોરાકના પ્રકાર ભેદથી કેવી રીતે અમળતાપણું ઉત્પન્ન થાય છે તે કહે-વામાં આવ્યું નથી, હવે ટુંકામાં કહેવામાં આવે છે. ઘણાકાએ જોયું હશે કે કેટલાક ગુલાબના ઝાડપર એક જાતના નાના નાના કરોળીઆ રહે છે. ગુલાબના રંગના જેવો તેઓનો રંગ હોય છે, તે જોયાથી જણાય છે કે જાણે ગુલાબની પાંખડીથી તેઓનું શરીર બનેલું છે. ગુલાબની પાંખડી ખાઈને કરોળીઆનો આવો રંગ થાય છે. ઘણાકો કહે છે કે ગાંજાના વી. (Hemhe) ખાધાથી કેટલાક નાના પક્ષીનો રંગ કાળો થઈ જાય છે. પતંગીઆના કીડાનો રંગ ખોરાક પ્રમાણે થાય છે. વરજિનિયા દેશમાં એક જાતના મૂળ (Lancpanthes tinctaria) છે, તે ખાધાથી સ-

વરના છોકરાં લાલ રંગના થઈ જાય છે.

ગર્ભની અવસ્થા અમળતાપણાનું બીજું એક કારણ છે. દરેક વારે ગર્ભની અવસ્થા એક રીતની હોતી નથી, એ વાસ્તે દરેક વારે પ્રસવિત છોકરાં એક જાતના થતા નથી. કોઈ માબાપને પુષ્કળ છોકરાં થવાથી જોવામાં આવે છે કે છોકરાંમાં ઘણું અમળતાપણું રહે છે. તેઓને એકત્ર જોયાથી જણાય છે કે એક વંશજ અથવા એક ગર્ભજ છે તે છતાં એક બીજા વચ્ચે અમળતાપણું સ્પષ્ટ રહેલું હોય છે. વળી તે માબાપનાં જો બેઉ જોડિયા છોકરાં હોય તો તે જોયાંથી જોવામાં આવશે કે તે જોડિયામાં પણ જેવું જોઇએ તેવું અમળતાપણું નથી. જોડિયા છોકરાં એકત્ર જન્મે છે, એકત્ર ગર્ભમાં વધે છે; તેથી તેઓના બેઉને માટે ગર્ભની અવસ્થા એકજ રીતની રહે છે, બેઉ છોકરાં તેમ એકજ રીતના થાય છે. એક વાર બે જોડિયા કન્યા જન્મી હતી, તેઓના બેઉની નાની આંગળી વાંકી થઇ હતી, બેઉ એક તરફ એક જાતનો ગજદંત થયો હતો. આ સરખાપણું એકદમ અથવા અકારણથી થયું નહોતું, તે ગર્ભમાં સેંકડો છોકરાં જન્મ્યાથી બધાની નાની આંગળી વાંકી થાત, બધાને ગજદંત થાત, શા કારણથી છોકરાંની આંગળી વાંકી થઇ જાય છે. અથવા ગજદંત આવે છે તે અમે જાણતા નથી, પણ તે જે કારણથી હો ગર્ભ અવસ્થામાં જે કારણ થયું હતું, તેની બેઉ છોકરીના શરીરમાં તેનું કામ દીઠામાં આવ્યું હતું.

બીજા છોકરાંના કરતાં જોડિયા છોકરાંમાં અમળતાપણુ ઘણું વધારે રહેતું નથી કારણ તેઓ એક અવસ્થાના તાબેથી જન્મે છે. ઘણાક જોડિયા એક સમયમાં એક ગર્ભથી જન્મે છે ખરો, પણ કદાચ જૂદી જૂદી કોથળીમાં રહીને વધે છે, તે જગાએ છોકરાંમાં એક બીજાની અવસ્થામાં જૂદાપણું રહે છે, તેથી આકૃતિ પ્રકૃતિમાં કંઈક જૂદાપણું ઉત્પન્ન થાય છે. પણ જે જગાએ છોકરાં એક થેલીમાં જન્મે છે, તે જગાએ જોડિયામાં એકીવાર અમળતાપણું રહેતું નથી એવું કહેતા નથી. ઘણા દહાડા થયા એક્વાર આવા બે જોડિયાની સાથે અમને રહેવું પડ્યું હતું. અમે સર્વદા તેઓને જોતા હતા તે છતાં એક જણાને જાણીને બીજા એક જણાની

સાથે વાત કરતા હતા, આ જોડિયા ભાઇના સંબંધમાં આવો ભૂલાવો બ-ધાને થતો હતો. તેઓની શારીરિક અને અંદરનું સરખાપણું એટલું ચમ-ત્કારીક હતું કે બેઉને મંદવાડ પણ એકજ રીતનો થતો હતો. એક જ-ણાનું માથું દુઃખીયું છે તો નિશ્ચય બીજાનું તરત માથું દુઃખતું. તેઓનું મૃત્યુ પણ એકજ જાતના રોગથી થયું હતું. એક માણસને કોલારા થયો હતો, તે મરી ગયો હતો. બીજો માણસ ત્યાંથી પંદર કોશ ઉપર હતો; તે પણ કોલારાથી મરણ પામ્યો હતો પણ આસરે ત્રણ ચાર દહાડાપછી થયું હતું. જોડિયા ભાઇઓના મૃત્યુના વિષયમાં આ નિયમ નથી, અમે બીજા પણ બે ચાર જોડિયા ભાઇઓને જોયાછે એક બીજાથી ઘણા વર્ષ પછી મરી ગયો છે.

જેટલી અવસ્થા એક જાતની થાય છે, તેટલું સરખાપણું સંપૂર્ણ થાય છે, જોડિયાની અવસ્થા અનેક વિષયમાં એક રીતની છે, એ વાસ્તે તેઓમાં મળતાપણું ઘણું અસાધારણ થાય છે. બીજા ભાઇઓમાં અવ-સ્થા તેટલી એક જાતની થતી નથી, એ વાસ્તે સરખાપણું પણ તેટલું પ્રબળ થઈ શકતું નથી. સમાવસ્થા સરખાપણાનું કારણ છે. અસમાવસ્થા અમળતાપણાનાં કારણ છે. એકીવારે સંપૂર્ણ સમાવસ્થા થતી નથી એ માટે સંપૂર્ણ સાદૃશ્ય જોવામાં આવતું નથી, તેથી અસરખાપણું બધામાં કંઇને કંઈ રહે છે.

આ અસરખાપણાને માટે કેટલીક નવી નવી જાતિ ઉત્પન્ન થઈ છે, થાય છે અને થશે. જાતિ વૃદ્ધિનું ફળ શું છે તે ઇશ્વર જાણે, પણ આ અમળતાપણાના નિયમ અવલંબીને હાલમાં માણસો પોતાની ઇચ્છા પ્રમાણે પશુપક્ષીની આકૃતિ પ્રકૃતિ પરિવર્તત કરી લે છે તેનું અથથી ઇતિ સુધીની ઓળખાણ આપવી આ જગાએ ઘણી જરૂર નથી, તથાપિ એક બે પ્રસંગ અતિ ટૂંકામાં આપીએ છીએ.

માબાપની સાથે છોકરાંનું જે અમળતાપણું થાય છે, તે વધ્યાથી ભવિષ્યમાં શું થશે એ અનુભવ કરીને કાર્ય કરી શક્યાથી ગઠન સંબંધમાં ફેરફાર કરી શકાય છે. ઘણું કરીને કબૂતરની પૂછડીમાં બાર પીછાં હોય છે;

ધારો કે એક વખતે બચ્ચાને તેર પીછાં થયાં હતાં, એક માણસે તે બચ્ચાંને જૂદું રાખ્યું. જ્યારે બચ્ચાંનાં બચ્ચાં થયાં ત્યારે તેઓમાં કોઇને પહેલા પ્રમાણે બાર પીછાં થયાં અને કોઇને તેર પીછાં થવા એ સંભવ છે, કેમકે બચ્ચાં પૂર્વ પુરૂષનાં જેવાં થાય છે, કેટલાંક બચ્ચાં મા અથવા બાપના જેવાં થાય છે. જે કબૂતરને તેર પીછાં થયાં છે, તેઓના વળી બચ્ચાં થયાથી પહેલાંના પ્રમાણે કોઇનાં બાર પીછાં અને કોઇનાં તેર પીછાં વળી કોઇનાં ચઉદ પીછાં થયાં. ચઉદ પીછાં થવા અસંભવ નથી, કેમકે જે અમળતાપણાના નિયમથી બાર પીછાંના સ્થળમાં તેર પીછાં થયાં છે, તે નિયમથી તેર પીછાંની જગાએ ચઉદ થયાં. આવી રીતે કેટલાંક કબૂતરના પુરૂષ પરંપરા પીછાં વધીને હમણાં બાવીસ પીછાં થયાં છે. પણ અતિ નાની જગામાં આ બાવીસ પીછાંનો કેવળ આગલો ભાગ આબદ્ધ રહેવાથી તેનો બીજો ભાગ પસરી જવાથી મોરના પીછાંના જેવો થયો છે. આ કબૂતરોને હમણાં લક્કાનું નામ આપીને જૂદી જાતિ તરીકે બતાવે છે, ખરી રીતે જોતાં એઓ જૂદી જાતિ થઇ છે.

જે ધાન્ય હાલમાં આપણા ઘરોમાં વપરાય છે તેઓનું આદિ શું હતું, તેની તપાસ કર્યાથી અમળતાપણાનું ફળ જણાશે. ધાન્ય ઝાડનું આદિ એક જાતનું કે નાનું ઘાસ હતું. આ નાનું ઘાસ પહેલાં ખેડેલી જમીનમાં વાવવામાં આવ્યું. ખેડેલી જમીનમાં ઘાસ પુરૂષ પરંપરા વાવ્યાથી તેઓનું અમળતાપણાનો આરંભ થયો, કોઈ ઘાસ પહેલાના જેવું નાનું રહ્યું, કોઈ ઘાસ મોટું થયું. જે મોટા થયા તેને વીણીને તેઓના બીજ લઇને ફરી બીજી એક જગાએ વાવવામાં આવ્યા, વળી તે જગાપરના મોટા મોટા ઘાસથી સારાં બીજ વીણીને વાવવામાં આવ્યાં. આમ કરતાં કરતાં આખરે આ ધાન્ય થયું છે, વીણવું એ ઉન્નતિનું મૂળ છે. હમણાં પણ જો બીજ વીણીને વાવવામાં આવે, હમણાં પણ ધાન્યની એથી પણ ઉન્નતિ થઈ શકે એમ છે. પરંતુ દુર્ભાગ્યથી આપણા ખેડુતો એ વિશેમાં ઘણું ધ્યાન આપતા નથી. તેઓ હમણાં કેવળ પરિમાણના ઉપર દૃષ્ટિ રાખે છે. પણ તે દોષ તેઓનો નથી, વેપારની વૃદ્ધિની જોડે પરિમાણની વૃદ્ધિની જરૂર થઇ

છે. ખેડુતોને જરૂરના ઉપયોગી ધાન્ય ઉત્પાદન કરવાનો ઉપાય કરવા પામ્યાથીજ વળી એ વિશેમાં ધ્યાન લગાડી શકશે.

કુદરતની પસંદગીથો પ્રાણીમાં ફેર થાય છે તે વિશે.

અભ્યાસના દ્વારા આપણા શરીરનાં અવયવમાં ફેરફાર થાય છે. હળ ચલાવનાર ખેડુત અને કલમધારી પ્રતિષ્ઠિત માણસના હાથમાં ઘણો પ્રભેદ છે. બનાવટી ઉપાયથી ચીનની સ્ત્રીઓના પગ કેવા નાના તથા ખરાબ થઇ જાય છે તે બધા જાણે છે.

પણ આવો અભ્યાસ તથા બનાવટી કારણથી ફેરફાર થયલા વંશ પરંપરા ઉતરી શકે છે કે નહિ એ લઇને આજ કાલ વૈજ્ઞાનિકોમાં ચર્ચા ચાલે છે.

હર્બર્ટ સ્પેન્સર કહે છે કે એ વાત નહિ માન્યાથી અભિવ્યક્તિવાદ અસંપૂર્ણ રહે છે. પણ જર્મન પંડિત બાઇસિમાને ઘણી યુક્તિ દ્દષ્ટાંત તથા પરીક્ષાથી સિદ્ધ કર્યું છે કે, અભ્યાસથી નવા થયલા અંગ વૈચિત્ર્ય છોકરાંમાં ઉતરતા નથી. વિખ્યાત અભિવ્યક્તિવાદી વાલેસ પણ બાઇસિમાનના પક્ષને પુષ્ટિ આપે છે.

તે કહે છે કે સારી જાતનો જુવાન ઘોડો અથવા કુતરો જો કોઇ કારણથી પંગુ અથવા અંગહીન થઇ જાય, તો પશુને ઉછેરનારાઓ તેને છોકરાં ઉત્પન્ન કરવા માટે જૂદા રાખે છે. અને તેનાં બચ્ચાં તેના પૂર્વ પુરુષના કરતાં કોઈ રીતે હીન થતા નથી.

સાધારણોમાં પણ એવો ખ્યાલ છે કે વણકર વગેરે કારીગરીનું કામ કરનારાઓમાં પૂર્વ પુરુષોના અભ્યાસથી વિશેષ કાર્યનૈપુણ્ય ઉત્તરવંશના માણસો વગર શિક્ષણથી મેળવે છે. વાલેસ કહે છે કે એ ભ્રમ છે, કારણ, જો એ ખરૂં હોય, તો પિતાની મોટી ઉમ્મરે થયલા છોકરાં વધારે સ્વભાવિક નિપુણતા મેળવત, તેમ થયાથી નાના છોકરાં શ્રેષ્ઠ થાત. પણ તેના વિશેમાં કંઇ પણ પ્રમાણ નથી. પ્રતિભાવાળાનાં છોકરાં પ્રતિભાશાળી થતા

નથી, ઉલટું તેનાથી વિરુદ્ધ થાય છે આવા ઉદાહરણ વધારે મળે છે. તેમ જો નહિ હોત, તો જગતમાં શિલ્પનૈપુણ્ય તથા પ્રતિભા વધારે વધારે વંશાનુક્રમથી ઘણોજ વિકાશ મેળવત.

પરંતુ કેટલાક લખનારાઓ કહે છે કે, વિશેષ પંક્તિના જંતુઓમ જે વિશેષ નુતન અવયવ ઉત્પન્ન થયલા દીઠામાં આવે છે, તે બહુ કાલના અભ્યાસથી નહિ ધારતાં બીજા કારણ મળતા નથી, જેમ શિંગડું. જે જનાવર માથામાં મારતાં તેઓના કપાળનું ચામડું જાડું થયું હતું અને હાડકું વાંકું થયું હતું; તે ફેરફાર છોકરાંમાં સંચારિત થઇને અભ્યાસની વૃદ્ધિ થઇને વિચિત્રકારનું શિંગડું થયું.

વાલસ કહે છે કે, આ કંઇ પ્રમાણ નથી. ડારવિનનાં ગ્રંથમાં જોવામાં આવે છે કે, કેટલાક દેશના ઘોડાંનાં કપાળમાં નાના શિંગડાંનાં જેવો ઉચ્ચો ભાગ જોવામાં આવે છે. પણ ઘોડાંનાં પ્રાચીન વંશમાં કોઇ જાતનાં શિંગડાં જોવામાં આવતાં નથી. જો શિગડાં હોત તો કુદરતી પસંદગીના નિયમ પ્રમાણે તરત એક આત્મ રક્ષાનું હથિયાર વિલુપ્ત નહિ થવાની સંભવના હતી. એટલા માટે આ ઘોડાંનાં નાના શિંગડાં નવાં ઉત્પન્ન થયાં છે.

શબ્જરૂના માળા, પક્ષીના પીછાં એ બધા વિશેષ અભ્યાસથી ઉત્પન્ન થયા છે એવું કહી શકાતું નથી.

પરીક્ષાથી જાણવામાં આવ્યું છે કે આપણા શરીરમાં સર્વે ઠેકાણે સ્પર્શ શક્તિ એક સરખી નથી. આપણી પીઠની વચમાં જે વસ્તુનો અનુભવ કરી શકતા નથી, તે આપણી આંગળીના ટેરવાથી તે અનાયાસે અનુભવ થાય છે. હાર્બટ સ્પેન્સર એનું કારણ કહે છે કે પ્રધાનતઃ આંગળીથી આપણે બધી વસ્તુનો સ્પર્શ કરીને જોઇએ છીએ તેથી અભ્યાસથી તેની સ્પર્શ શક્તિ વધી છે અને તે શક્તિ વંશાનુક્રમથી ચાલતી આવે છે, પણ પીઠમાં તેનાથી વિરુદ્ધ છે.

વાલેશ કહે છે કે પ્રાકૃતિક પસંદગી એનું કારણ છે. સ્પર્શ શક્તિના ઉપર આપણી જીવન રક્ષા ઘણીક રીતે આધાર રાખે છે. શરીરના જે જે

સ્થાનમાં આઘાત લાગ્યાથી જીવનને વધારે હાનિ કરે તે તે સ્થાનમાં સ્પર્શ શક્તિ તેટલી વધારે હોય છે. આંખની સ્પર્શ શક્તિ બધા કરતાં વધારે છે તે છતાં એવું કોઈ કહી શકશે નહિ કે, આંખથી દ્રવ્યાદિ સ્પર્શ કરવું એ આપણે સર્વ કરતાં અભ્યસ્ત છે. પણ આંખ ગયાથી જીવન ધારણ કરવું મુશ્કેલ પડેછે એટલા માટે જે પ્રાણીઓની આંખ વધારે સ્પર્શની શક્તિ ધરાવે છે, આંખમાં જરાપણ આઘાત લાગ્યાથી જાણી શકે છે તથા આંખના રક્ષણને માટે તરત મહેનત થઇ શકે છે તેથીજ પ્રાકૃતિક નિર્વાચ્ય નથી ટકી જાય છે. આવી રીતે બીજા ઘણા દૃષ્ટાંન્તો દેખાડવામાં આવ્યા છે.

એટલા માટે વાલેસના મતથી અભિવ્યક્તિમાં અભ્યાસની કંઇ કાર્યકારિતા નથી. પ્રાકૃકિ નિર્વાચનજ તેનું મોટું અંગ છે. અર્થાત્ જે છોકરાં કોઈ કારણથી બીજાના કરતાં જરા અતિરિક્ત લાગ મેળવીને જન્મ ગ્રહણ કરે છે, તેઓજ જીવન યુદ્ધમાં જયી થઇને ટકે છે. બીજાઓ તેની સામે થઈ શકતા નથી, તેથી મરી જાય છે. આવી રીતે નવો લાગ તથા તેવા જીવન સ્થાયી થાય છે. શિંગડા વિનાના હરણમાં જો નિગૂઢ કારણથી એક શિંગડાનો હરણ ઉત્પન્ન થાય તો પોતાનાં શિંગડાંના જોરથી તે વધારે ખાવાનું તથા મનોગત હરિણી મેળવવાને સમર્થ થશે. અને તેના વંશમાં જેટલાં શિંગડાંવાળા હરણ જન્મશે તેટલા શિંગડાં વિનાના હરણનો વંશ નાશ પામશે.

એટલા માટે હાલના ઘણાક અભિવ્યક્તિવાદીઓના મતે સહજાત સુવિધાઓ જીવરાજ્યમાં સ્થાયી થાય છે.

લગ્ન સંબંધી વિવેચન.

યુરોપમાં પહેલો પ્રેમ થયા પછી વિવાહ થાય છે, પણ આજકાલ ઘણાક કહે છે કે સારાં છોકરાં મેળવવા જો વિચાર કરવાની મુખ્ય મતલબ હોય, તો કેવળ માત્ર આંખના પ્રેમથી નહિ ખેંચાતા ભવિષ્ય વંશના કલ્યા-

ણુની ઇચ્છા કરીને વિશેષ વિવેચના પૂર્વક વિવાહ બંધનમાં બંધાવવું એ વાજબી છે. સમાજની નીચલી પંક્તિમાં પ્રકૃતિનું પ્રાધાન્ય છે–જેઓમાં ઘણુ વિચાર કરવાની શક્તિ નથી તેઓના પ્રતિ પ્રકૃતિનો સહજ વિધાન જેને જોયાથી મન આનંદ પામે. પણ એથી મનુષ્યત્વનો પૂર્ણ વિકાશ થતો નથી, અસંયત વંશ વૃદ્ધિની સાથે માનવ સમાજમાં રોગ શોક દુકાળની માત્ર વૃદ્ધિ થાય છે. એટલા માટે સ્વાભાવિક પસંદગીને સંયત રાખીને બનાવટી પસંદગીની રીતિને ચલાવવી જોઇએ.

હાઇરિમ સ્ટાનલિ બનાવટી પસંગીનો એક મોટામાં મોટા પોષક છે. તે પ્રમાણુ કરવા ચાહે છે કે એ મનુષ્ય સમાજની ઉન્નતિને માટે અપરિહાર્ય અને એ સુધારાનું પરિણામ ફળ છે.

હાઇરામ સ્ટાનલિ કહે છે કે લગ્નના ઇતિહાસની પર્યાલોચના કર્યાથી જણાય છે કે, સ્વાભાવિક પસંદગી ધીરે ધીરે ટૂંકી થતી આવે છે. કેવળ માનવહૃદયની સ્થિતિશીલતા અને પ્રબળ પ્રેમની વૃતિ બનાવટી પસંદગીને સંપૂર્ણ રીતે ચાલવા દેતી નથી પણ સુધરેલા મંડલમાં બનાવટી પસંદગીની અનુકુલતા પણ જોવામાં આવે છે. ધનની ખોટથી અને બીજા કારણથી સમાજ જેઓને દાંપત્ય બંધનના અનુપયોગી ધારે છે, તેઓને વિવાહ નિવારણના ઉપર સમાજની દૃષ્ટિ જોવામાં આવે છે, સરકારે પણ ઉમ્મરનો કાયદો કરીને વિવાહ સંબંધમાં સંયયનો પક્ષપાત પ્રકટ કર્યો છે. બનાવટી પસંદગી એ તો સ્વભાવવિરૂદ્ધ નથી; સુધારાની ઉન્નતિની સાથે મનુષ્યની આંખપર ખીલે છે. પ્રવૃતિને સંયત કરીને તે કુલ શીલ સૌન્દર્ય તનદરોસ્તી અને વંશના પ્રભાવના ઉપર નજર રાખીને ચાલે છે.

સ્ટાનલિનું કહેવું એવુંછે કે યોગ્ય ડાકટરની સાર્ટિફિકેટ નહિ દેખાડયાથી વિવાહનો અધિકાર મેળવવા ન જોઇએ. જીવનલીલાને માટે જેઓ નકામા છે તેઓને લગ્ન નહિ કરવા એના કાયદા થયાથી તેના મતે થોડી મુદતમાં જનમંડળ પરમ શાંતિ અને ઉત્તમતા મેળવશે. હાલમાં સભા સ્થાપીને કુલીન નિયમની પદ્ધતિ પ્રમાણે દાંપત્ય નિર્વાચન પ્રચલિત કરીને જેમાં એક ઉચ્ચ પંક્તિના કુલનો સંપ્રદાય બનાવવામાં આવે તેનો યત્ન કરવો આ સ-

બાના સભાસદો નરનારીઓને કુલીનપણાના નિયમ સંબંધમાં રીતસરનું શિક્ષણ મેળવીને દાંપત્ય જીવનમાં તે પ્રયોગ કરવો અને ચિરજીવન યુક્તિ અને વિજ્ઞાનની સાથે સંબંધ રાખીને ચાલવું.

હાઇરિમ સ્ટાનલિએ નિશ્ચય સ્થિર કર્યું છે કે, થોડા દહાડા આવી રીતે ચાલ્યાથી સમાજમાં, એક માણસજ નહિ પણ એક ડઝન શેકસપિયર ઘડાઈ શકાશે જેમ માણસના યત્નથી કલમ કરીને સારી કેરીના ઝાડ, ગુલાબ, નીંબુના ઝાડ તૈયાર કરવામાં આવેછે તેમ કલમથી શેકસપિયર પણ તૈયાર થશે.

સર જાર્જ કેમ્બલ પણ આ મતનો પોષક છે. તે કહે છે કે સૌન્દર્ય તથા પ્રેમથી મુગ્ધ થઇને વિવાહ કરવાના કરતાં વિવેચના પૂર્વક વિવાહ કર્યાથી ભવિષ્યના વંશનું કલ્યાણ થાય છે.

ગ્રાંટ આલેન છદ્મ નામ ધારી વિખ્યાત વૈજ્ઞાનિક પંડિત કેમ્બલના વિરૂદ્ધમાં લખે છે કે જાતિ રક્ષાને માટે સૌન્દર્ય ઘણું તુચ્છકાર કરવા જેવું નથી. હારબર્ટ સ્પેન્સર કહે છે કે જેઓ વંશના કલ્યાણની ઇચ્છા રાખતા હોય તેઓએ સૌન્દર્યના ઉપર નજર રાખવી જોઇએ. સર્વાવયવ સંપૂર્ણ સૌન્દર્ય સર્વાંગીન તનદુરસ્તીનો પરિચાયક છે અને આપણે જ્યાં સૌન્દર્યની ખોટ જોઇએ છીએ ત્યાં તનદુરસ્તીની પણ ઘણી ત્રુટી જોઇએ છીએ. ફીકાસ, ઘણું કરીને પચવાની શક્તિની હીનતા અને લોહી ફરવાની ક્રિયાની ક્ષીણતાનું ફળ છે; અનુન્નત છાતી અપરિપુષ્ટ માતૃત્વની ઓળખાણ છે; ખર્વાકૃતિ ક્ષીણ પૌરૂષ જણાવે છે.

કેવળ શરીરની અવસ્થાંજ દેખાડતી નથી પણ માનસિક પ્રકૃતિ પણ સૌન્દર્યથી ઘણુક પકડાય છે. તેથીજ ભાવની ખોટથી ગઠન પારિપાટય નિષ્ફળ છે, હસતું મુખ, પ્રશાંત ભાવ, ઉજ્વલ સ્નિગ્ધ દ્દષ્ટિથી બુદ્ધિનો આભાસ મળે છે. માખણથી બનાવેલો જડભરત ચહેરો પણ સુંદર જણાતો નથી.

જેવી માનવ પ્રકૃતિ જટિલ છે તેમાં ક્રિયા બે અર્દ્ધાંગ એક બીજાના પ્રતિપૂરક કોઇ પદ્ધતિ અનુસારે થાય છે તેનો નિર્ણય કરી શકાતો નથી, અને કેઇ દાંપત્યનું કેવું ફળ પૂર્વાહન થશે તે દેવતાઓ પણ કહી શકતા નથી. સર વિલયમ હર્શલને એક સામાન્ય અને બાજંદરાની યોગ્ય સ્ત્રી હતી–

કોણુ જાણતું હતું કે આ દાંપત્ય ફળથી સર વિલિયમ હર્શેલ ઉત્પન્ન થશે. શેક્સપિયરના જન્મ લેવાની પહેલાં તેના માબાપનું દાંપત્યફળને કોણે નિર્ણય કર્યું હતું ? ઘણાંક મોટાં માણસોનાં માબાપમાં અસાધારણ ક્ષમતા કંઇ પણ પ્રકાશ થઈ નહોતી. સર જાર્જ કેમ્બલ અથવા બીજા કોઇ વિચક્ષણ માણસોના માબાપને શું જોઇને વિવાહ બંધનમાં એકત્ર થયા હતા. ?

જેઓ ઘોડાં ગાયનાં ઉદાહરણ દેખાડીને સિદ્ધ કરવા ઇચ્છે કે વિજ્ઞાન બલથી માણસને ઘડવું એ ઘણું અસંભવ નથી, તેઓને લક્ષીને ગ્રાન્ટ આલેન કહે છે કે, મનુષ્યે તૈયાર કરેલાં ઘોડાં ગાય માણસનો ઘણોક શોખ પૂરો કરે છે ખરો, પણ ઘોડાંના હિસાબથી તેઓને શ્રેષ્ટત્વની ઓળખાણ મળતી નથી. ઘોડાની સરતનો ઘોડો કેવળ થોડા વખતને માટે ઉર્દ્ધ શ્વાસથી એ ગાઉ માર્ગને માટે ઘોડાંને અતિક્રમ કરીને માત્ર દોડે છે, બસ—બીજે દિવસથી તેનો વિશ્રામનો આરંભ થાય છે. ઘરમાં પાળેલા પશુઓ જંગલના પશુઓના કરતાં દુર્બલ અને જીવનની શક્તિ વિનાના થાય છે. મનુષ્યના યત્નના શિવાય તેઓ સ્વતંત્ર રીતે જીવન સંગ્રામ જય મેળવી શકતા નથી. એટલુંજ નહિ પણ મનુષ્યના યત્નથી ઉત્પન્ન થયલી દરાખ સુખ રોજક થવા છતાં પણ જંગલી દરાખના જેવી સબળ રીતેજ થતી નથી. તેઓમાં નાના પ્રકારના ભારે રોગ દીઠામાં આવે છે

ત્યારે નિર્ભર શાના ઉપર છે ? વૈજ્ઞાનિક ગ્રાન્ટ આલેન જવાબ આપે છે.—પ્રેમના ઉપર. આપણે ગમે એટલા બુદ્ધિમાન જીવ હોઇએ તોપણ આટલું તો કબુલ કરવું પડશે છે પ્રકૃતિ આપણાંથી ઉપર ગઈ નથી, એવા ઘણા સ્થાન છે ત્યાં બુદ્ધિ અંધકારમાં હાથ ફેલાવીને મરે છે, હૃદય પોતાના પ્રકાશથી માર્ગ જોઇ શકે છે. તેથીજ પ્રકૃતિએ આપણા અંતરમાં પસંદ કરવાની વૃત્તિ આપી છે—તે વૃતિથી આપણે એકમેકની પૂરક્તા અનુભવીએ છીએ અને ગાઢા મિલાનમાં બંધાઇએ છીએ. એને પ્રેમજ કહે છે. વળી પ્રકૃતિની આદેશ વાણીજ કહે છે. અથવા ગમે તે નામ આપો, એજ આપણી પસંદગીનો મોટો સહાયક છે.

જરૂર કબુલ કરવું પડે છે કે ઘણું કરીને આપણે તનદરોસ્ત સબળ

સયૌવનવાળા સુંદર સુશીલતાનાજ પ્રેમમાં પડીએ છીએ અને વીણીને રૂગ્ન ભગ્ન જીર્ણ પ્રેમમાં પડતા નથી. ઉલટું જોવામાં આવે છે કે, વર કન્યાને પસંદ કરવામાં માબાપો નિરાસકત થયાથી કુલમાન ધન વગેરે સામાજિક યોગ્યતાના ઉપરજ વધારે નજર રાખે છે. પણ રૂપ ગુણ ક્ષમતા સ્વભાવની સુંદરતા વગેરે વ્યક્તિગત યોગ્યતાજ સ્વભાવત તથા સાધારણ રીતે પ્રેમ ખેંચે છે, અને તે પ્રેમના મિલનથીજ છોકરાંમાં આ ગુણ સંચારિત થઇને ભવિષ્ય વંશની ઉન્નતિ થાય છે.

વળી વ્યક્તિગત હિસાબથી આપણે પ્રત્યેક પોત પોતાની પ્રકૃતિના અનુકૂળ-(પરંતુ સંપૂર્ણ અનુરૂપ નહિ) સ્વતંત્રના પ્રેમમાં પડીએ છીએ. એકજ રીતનું બે જણમાં ઉત્કૃષ્ટ મિલન ઘણું કરીને થતું નથી-બે જણમાં એટલો તફાવત થવો જોઇએ જેથી એક મેકને ઘણો પૂર્ણ કરી શકે છે, પણ આવો તફાવત વળી ન થવો જોઇએ કે, બે જણામાં મિલન થાય. આ પ્રતિપૂરક સંબંધ અનુભવ કરવાનો એક માત્ર ઉપાય પ્રેમ છે. બુદ્ધિ અને વિવેચનના અહિં કંઇ પણ હરકત નાંખી નથી તેમ હોવાથી પ્રેમને નિર્વાચનમાં કંઈ ભૂલચૂક એકીવાર થનાર નથી, એવું કહી શકાતું નથી. પ્રવૃતિ તો વળી અભ્રાંત નથી, મનમાં રાખવું જોઇએ કે માણસ અસંપૂર્ણ જીવ છે, પણ આટલું તો માનવું પડશે કે ચોપડીમાં લખાતી બતાવટી પસંદગીમાં ભૂલની સંભાવના વળી વધારે છે.

વગર કારણથી વિધાતાએ આપણને આ સ્વતંત્રતાની પ્રવૃતિ આપી છે તે કંઈ સંભવતું નથી. તુચ્છતમ પ્રવૃતિના મૂળમાં જ્યારે એક નિગૂઢ ગભીર મતલબ જોવામાં આવે છે, ત્યારે જે પ્રવૃતિના ઉપર મનુષ્ય સમાજના બધાં શુભાશુભ આધાર રાખે છે અને બધી મનુષ્ય સમાજ જે પ્રવૃતિથી પરિચાલિત છે તે ઉદ્દેશહીન નિષ્ફળ છે આ શું મનાઈ શકાય ? વિરોદ્ધ કરીને આ પસંદગીની વૃત્તિમાં જ્યારે બધા જીવ જગતની સાથે માનવ પ્રકૃતિનો એક સુશૃંખલ યોગ જોવામાં આવે છે, ત્યારે શરીરના જોરથી એને ઉલટાવવું એ ચાલવાનું નથી, તે પસંદગી બધા જીવ જગતમાં કાર્ય કરે છે. માનવમાં તેનું પરિગણિતજ સંભવ છે-એકદમ વચમાંથી ખપ થઇને

એકીવારે સૃષ્ટિથી છોડીને વિધાન આપીને પ્રકૃતિને લંઘન કરીને ચાલશે એ સંભવતું નથી.

વળી ગાલટને તો દેખાડયું છે કે જે બધા અનવિજ્ઞ માણસો ચારે તરફનો વિચાર કરીને વિવાહ કરે છે, તેઓના કરતાં સામાન્ય પ્રેમમાં પડયાનું દાંપત્ય કેટલું સફળ થાય છે. અને આવી રીતે દાંપત્યફલજ સમાજમાં સુંદર સબળ અને બુદ્ધિમાન છોકરાંને ઘણા થયલા જોવામાં આવે છે.

ગ્રાંટ આલેન તેથીજ કહે છે કે સમાજની અને સુધારાની ઉન્નતિની સાથે વિવાહની નૈતિક જીમેદારી લોકો જેટલી અનુભવશે તેટલાં પ્રેમ મૂળક દાંપત્યના સુફળ જણાશે અને ધન જોઇને, માન જોઇને, કુલ જોઇને સમાજિક સુવિધાનો વિચાર કરીને વિવાહ લોકમાં કેટલો ગેરવાજબી જાણુશે.

સારાં છોકરાં ઉત્પન્ન કરવાના નિયમ.

ઘઉં ચણા અથવા ધાન્યનાં બીજ સતેજ ઝાડમાંથી ખેડુતો આગલા વર્ષને માટે તે બીજમાંથી સારો પાક મેળવવાની આશાથી સયત્ન સંગ્રહ કરી રાખે છે. નિસ્તેજ ઝાડના બીજથી નિસ્તેજ ઝાડ ઉત્પન્ન થાય છે, એ વાસ્તે ખેડુતો બીજને માટે નિસ્તેજ ઝાડના બીજ એકઠા કરવાની મહેનત લેતા નથી. યુરોપ અને અમેરિકાના ખેડુતોના આવા યત્નથી પાક સારો થાય છે અને તેની જોડે ખેડુતો ધનવાન થાય છે. સુધરેલા દેશમાં પુષ્પના બીજનો ધંધો કરનારાઓ પણ સતેજ ઝાડનાં સારા ફુલના બીજ એકઠાં કરીને દરેક પુષ્પનાં ઝાડની ઉન્નતિ કરવાની કોશેશ કરે છે, એ વાસ્તે દર વર્ષે એક એક જાતનાં ફુલની ઉન્નતિ થાય તેનો રંગ, આકાર વગેરે સારાં થતાં જાય છે. ફળનું પણ એવીજ રીતે ફેરફાર થાય છે. આપણે અહિંયાં એક જાતની ફુલકોબી અથવા કાલી ફ્લાવર જોઇએ છીએ પણ લંડન અને પારિસના માળિયોના યત્નથી એ ઉત્પત્તિ છે. સતેજ ઝાડના બીજથી ઉત્પન્ન થઇને સુંદર અને મોટો આકાર પ્રાપ્ત થયો છે, એ પ્રમાણે પશુ પક્ષીનાં બચ્ચાં, ઉત્પત્તિના પ્રયત્નથી

નાના પ્રકારના ઉત્કૃષ્ટ બચ્ચાંની ઉત્પતિ થાય છે. આવી રીતે ઘોડાં કુતરાં બકરાં વગેરે ધીરે ધીરે બળવાન પશુના વીર્યથી ઉત્પત્તિ થઇને ઉત્કૃષ્ટતા લાભ કરે છે. એથીજ આરબી અને ઇરાનના ઘોડાંથી વિલાયતના ઘોડાં વધારે બળવાન તથા દેખાવદાર થઇ શક્યાછે. નાના પ્રકારના શીકારી કુતરાં ઉચ્ચાં વધવાની સાથે માબાપની હિમ્મત તથા ગુણ દોષ મેળવે છે. લોમ અને દેખાવડાં મેંઢાનાં બચ્ચાં ઉત્પન્ન કરવાની જરૂર હોય, તો બીજો દેખાવદાર હોવો જોઇએ; આ બેઉના સંગમથી લોમજ સુદશ્ય બચ્ચાં થશે. મનુષ્ય જાતિમાં પણ બરાબર તેમ માબાપની અવસ્થાનુસારે ફેરફાર થાય છે, પણ આપણી સમાજનું તેના ઉપર કંઇ પણ ધ્યાન નથી.

ડારવિને મનુષ્ય જાતિની ઉત્પત્તિના વિશેના ગ્રંથમાં લખ્યું છે કે "માણસ ઘોડાં મેંઢાં કુતરાં વગેરે પશુનાં છોકરાંની ઉત્પત્તિને માટે પિતા માતાના ગુણ દોષ સારી રીતે તપાસે છે, પણ પુરૂષના લગ્નના સમયમાં પોતાની સ્ત્રીનાં શારીરિક અથવા માનસિક દોષગુણના ઉપર કંઈ પણ ધ્યાન દેતાં નથી."

મનુષ્ય આવી રીતે એક એકના એટલે સ્ત્રી પુરૂષ બેઉમાં શારીરિક તથા માનસિક ગુણદોષના વિશે વિશેષ રૂપથી તપાસ કરીને લગ્ન કર્યાથી બલિષ્ઠ તથા બુદ્ધિમાન છોકરાં ઉત્પન્ન કરી શકે છે. સ્ત્રી પુરૂષ બેઉમાંથી જો એક જણાની શારીરિક અથવા માનસિક અકુશળતા પ્રકાશ થાય, તો તે બેળાએ એકે વિવાહના સૂત્રમાં બંધાવવું નહિ જોઇએ. આવી રીતે મનુષ્યો જ્યારે સર્વ ગુણવાળાં છોકરાં મેળવવાનો સહજ ઉપાય સમજી શકશે, ત્યારે આપણા રાજનીતિજ્ઞો લગ્નના હિતને માટે કાયદા ઘડવામાં યત્નશીલ થશે.

લગ્ન વિશેમાં કોઈ ફેરફાર નહિ કર્યાથી એક એક જાતિનાં શારીરિક અથવા માનસિક દોષ ગુણ સર્વદા એક રીતેના રહેલાં છે. યાહુદી અથવા શીદી જાતિનો શારીરિક ભાવ હમણાં પણ આગળના જેવો છે, પહેલાં જે રૂપ હતું હમણાં પણ તેવુંજ રૂપ છે. નિનિભાવા અથવા મિસરની પ્રાચીન કીર્તિયોમાં યાહુદી અથવા કાફરી જાતિની પ્રતિમૂર્તિ જોવામાં આવે છે તેવી હાલમાં નજરે પડે છે. ચીન અને જાપાનના રહેવાસીઓની માનસિક અને

શારીરિક અવસ્થા હજારો વર્ષ પહેલાં જેવી હતી તેમાં કંઈ પણ ફરક પ-ડયો નથી. હાલના ગ્રીક અથવા રોમન બરાબર તેવાજ રહેલા છે. ઈગ્લાંડના પ્રાચીન પ્રખ્યાત વંશના પૂર્વ પુરૂષોની પ્રતિમૂર્તિમાં તેઓના દરેકનાં જેવાં લાંબાં નાક જોવામાં આવે છે, હમણાં પણ તે વંશનાં માણસોનાં નાક તેવાં રહેલાં છે, અને તેઓ પૂર્વ પુરુષોની શારીરિક અને માનસિક ભાવના અધિકારી થયા છે. એ આપના જાણવામાં હશે કે બાત (નજલો), ખહી, માનસિક દુર્બલતા એક એક વંશમાં સર્વદા ચાલતા આવે છે. યાહુદીઓને ખેતીના કામપર અનિચ્છા હોય છે, વેપાર તથા ધન સંગ્રહમાં પ્રગાઢ યત્ન હોય છે. પ્રાચીનકાળથીજ એ પરિવર્ત્તન રહેલું છે. સાકસન કેલા સ્કાન્દનેવિયન સ્કલવનિક જાતિના દોષ ગુણ પિતા માતાથી પુત્રોમાં પ્રાપ્ત થાય છે. એ પણ અહિયાં વિશેષ કહેવાની જરૂર છે કે દરેક જાતિના માનસિક અથવા દૈહિક ભાવ જન્મસ્થાન પરિવર્ત્તનથી, પાણી હવાના પરિવર્તનથી વિ-ભિન્ન વિભિન્ન અવસ્થા પ્રાપ્ત થયા છે. આ પરસ્પર ભિન્ન ભિન્ન જાતિની જોડે લગ્ન થયાથી અને તે તે જાતિના છોકરાંના પૂર્વકાળના જાતીય-ભાવ ફેરવાય છે, એ અમેરિકાના અને આસ્ટ્રેલિયાના વંશાયત કરનારાઓની અવસ્થા જોવાથી તે સ્પષ્ટ જણાશે, પણ માતા પિતાના માનસિક અથવા શારીરિક અવસ્થા છોકરાંમાં નિશ્ચય આવે છે. એ અતિ આશ્ચર્ય છે કે મ-નુષ્ય અથવા પશુના એક બિંદુ વીર્યથી છોકરાંની ઉત્પત્તિ થવાથી પિતા-માતાના બધા ગુણદોષ મેળવે છે, તે જીવતત્વવિત્તાની બુદ્ધિના અગમ્ય છે. સફેદ રંગના યુરોપિયના સહવાસથી કાળા રંગની શીદણના ગર્ભથી જરા કાળા રંગના છોકરાં ઉત્પન્ન થાયછે તેમાં માબાપના બેઉના રંગનું સરખાપણું રહે છે. ફ્રેન્ચ પિતા અને અંગ્રેજ માતાના છોકરાં બેઉ સ્વભાવિક દોષ ગુણવાળા થાય છે. હીન વંશની સ્ત્રીની સાથે છુપી રીતે વિવાહ થયાથી વંશના પિતાના ગુણવાળા પુત્ર થાય છે. કોઈ જાતિમાં પિતા પુત્ર શિષ્ય સંગીત વિદ્યાના ઉપર ઘણો આગ્રહ જોવામાં આવેછે, તેઓના તે જાતિય સ્વભાવ જાત છે. મૂર્ખ નિર્બોધ જાતિના મૂર્ખ નિર્બોધ પુત્ર થાય છે, એ વાસ્તે ઘણા કાળની જંગલી જાતિને બહુ પરિશ્રમથી વિદ્યાની કેળવણી આપ્યાથી પણ

તેનું ઘણુંજ સારૂં ફળ જણાતું નથી હાર્બેટ સ્પેન્સર કહે છે કે એક બિંદુ વીર્યથી જન્મ લઇને મનુષ્ય નાનપણથી યૌવનાવસ્થામાં પિતામાતા દોષ-ગુણ તથા દૈહિક અવસ્થા એક સરખી રીતે મેળવે છે. એ શી રીતે, જે તે સૂક્ષ્મદર્શક યંત્રથી ઘણી મુશ્કેલથી જોઈ શકાય છે એવા વીર્ય બિંદુથી મનુષ્ય જન્મ ગ્રહણ કરીને ઉમ્મરે પહોંચતાં પોતાના પિતાના પ્રમાણે બાતાદિ રોગ ગ્રહસ્ત થાય છે. એ બધા વિશે વિચાર કર્યાથી પ્રગાઢ ચિંતાશીલ તત્ત્વવિત પંડિતો પણ હતબુદ્ધિવાન થાય છે.

આવું કહેવાય છે કે મનુષ્ય શરીરના દરેક અંદરાથી છોકરાં શારીરિક પ્રત્યેક અંગ પ્રત્યંગાદિ બને છે, એ વગર પાયાનું કહેવું નથી. ડારવિન કહે છે કે, વીર્યની સાથે પિતા માતાના દરેક અંગ પ્રત્યંગાદિના લક્ષણ પરમાણુથી પ્રસૃતિ ગર્ભમાં છોકરાંના શરીરમાં પ્રવેશ કરે છે અને તેનાથી છોકરાં પૂર્ણાવયવ મેળવીને પિતા માતાની શારીરિક અવસ્થા સમાનભાવે મેળવે છે. આ પરમાણુના સંયોગ સૂક્ષ્મદર્શક યંત્રના સૂક્ષ્મદર્શનને પણ પરાજય કરેછે. આવી રીતે પરમાણુ સંયોગ નહિ થયાથી આપણે શી રીતે પિતા માતાનો ચહેરો પુત્ર કન્યામાં અને તેઓની આંગળી, માથું, કાન વગેરે આકાર એટલુંજ નહિ પણ વાળ, નખ, ભવાં અને બીજું સરખાપણું છોકરાંમાં જોઇ શકીએ ? આવી રીતે પિતામાતાના પીત, બાત, ખહી, શૂળ, ચિત્તનું અકારણ ચાંચલ્ય વગેરે રોગ છોકરાંમાં જોવામાં આવે છે.

પશુઓમાં પણ આવા ગુણ દોષ બચ્ચાંમાં પિતામાતાથી મળે છે. સામાન્ય ઘોડાંથી કદી આરબી ઘોડો, સરતનો ઘોડો પેદા થતો નથી; અને બે ગામડાંનાં કુતરાંથી કદી ડોળદાર શીકારી કુતરાં ઉત્પન્ન થતાં નથી. આવી રીતે રોગવાળા પિતામાતાની તરફથી કદી બળવાન છોકરાં થતાં નથી અને સામાન્ય બુદ્ધિના માણસથી કદી અશક્તિવાળા પુત્ર જન્મવાની સંભાવના નથી. જો છોકરાં નાની ઉમ્મરમાંજ ચોર અથવા મિથ્યાવાદી થાય, તો તેના પિતાનો અથવા માતાનો તે તે દોષ છે એવું ધારવું જોઈએ.

સ્વભાવના પરસ્પરના સ્વભાવિક સંમિલન પ્રમાણે દુશ્ચરિત્ર મનુષ્ય દુશ્ચરિત્રવાન સ્ત્રીની જોડે વિવાહ કરે અને તેને માટે છોકરાં પણ ખરાબ

ચરિત્રના થાય છે, એ યુરોપના સાધારણ લોકોના દૃષ્ટાંતથી અમે વાંચનારને સમજાવી શકીએ છીએ. દુશ્ચરિત્ર પિતા માતાનો ભારે રોગ છે. છોકરાં જન્મે છે અને તેઓ થોડા કાળમાં નાના પ્રકારની વ્યાધિવાળા થઇને મરી જાય છે.

અબ્દુલ કાદર કહે છે કે, બચ્ચા ઘોડા પુંશાવક પિતાના અને ઘોડી માતાના ગુણ દોષ મેળવે છે. આવી રીતે ઝાડ વનસ્પતિતત્વવિતોથી એકમેકના સંગમથી બીજ ઉત્પન્ન થાય છે. તેના પત્ર પુંવૃક્ષના અને પુષ્પ સ્ત્રી વૃક્ષના જેવા થાય છે આવી રીતે માણસનું પણ પિતા માતાનાં અવયવનું મળતાપણું છોકરાંમાં જણાય છે, કોઇની મુખશ્રી પિતાના જેવી, કોઇની માતા જેવી થાય છે. અને કોઇમાં પિતા માતાના મુખ્ય ભાવ છે.કરાંમાં ભલેલા જોવામાં આવે છે. માતા કરતાં પિતાની માનસિક તથા શારીરિક અવસ્થા સારી હોવી જોઇએ, તેમ થયાથી સાધારણ રીતે ઉત્તમ છોકરાં થાય છે.

પ્રાચીનકાળમાં ગ્રીકો સુંદર પુત્ર મેળવવા માટે ગર્ભની વખતે પોતાના સૂવાના ઓરડામાં રૂપવાન્ આપોલો અથવા નારસિસનની પ્રતિમૂર્ત્તિ રાખતા હતાં. સુંદર પુરૂષની પ્રતિમૂર્ત્તિ સર્વદા નિરીક્ષણથી રૂપવાન પુત્ર પ્રસવ થાય છે. એ વિષય હાલના વિજ્ઞાનવિતોના બોધગમ્ય થતું નથી.

પિતા માતાની ઉત્કૃષ્ટ શારીરિક તથા માનસિક અવસ્થાને માટે ઉત્તમ છોકરાં થાય છે. દરેક વર્ષે વનસ્પતિતત્વવિતોના પરિશ્રમથી સ્ત્રી અને પું ગુલાબના સંગમથી બીજોત્પત્તિ દ્વારા નાના પ્રકારના ઉત્કૃષ્ટ ગુલાબની નવી જાતની ઉત્પત્તિ થાય છે. મન્ટિફ્રૂસ્ટો, ઇંવિક, ડિનિમિ, કોકેટ, ડિબ્લાવસ વગેરે ગુલાબ વિલાસપ્રિયોજન બગીચામાં શોભા આપે છે. તે ઉત્તમ પુરૂષના સંગમથી બીજ ઉત્પત્તિ થઇને ઉત્કર્ષતા મેળવ્યા છે, પણ દુઃખનો વિષય એ છે કે, મનુષ્યો પોતાના વિવાહના વિશેમાં તદન આંધળા છે, તેઓ વનસ્પતિ તથા પશુપક્ષીનાં દૃષ્ટાંતથી પોતાની અવસ્થાની ચઢતી કરવામાં યત્નશીલ થતાં નથી. નિરોગી બુદ્ધિમાન પુરૂષ રોગ વિનાની બુદ્ધિમતિ સ્ત્રીની જોડે લગ્ન કર્યાથી અતીત સર્વે ગુણવાન નિરોગી છોકરાં મેળવશે. એકને ભારે રોગ હોય, તો કદાચ તેના છોકરાંમાં થાય છે અને

તેને માટે વંશમાં ઉતરે છે. પિતામાતાના માનસિક ભાવ છોકરાંને પ્રાપ્ત થાય છે. માબાપમાંથી એક જણ ગાંડો હોવાથી છોકરાં ગાંડા થશે. ચોરનો પુત્ર ચોર, લંપટનો છોકરો લંપટ ઘણું કરીને થાય છે. એક વેળાએ વીરવર ગારિબલ્ડિ અમેરિકામાં જતો હતો, એવામાં તુફાન થયું, વહાણ લગભગ તળીએ બેસવાની તૈયારીમાં હતું, તેમાં ખારવાઓની મદદથી એક અસાધારણ હિમ્મતવાન સ્ત્રીથી વહાણ બચ્યું. ગારિબલ્ડિએ તેની હિમ્મત જોઇને તેની જોડે લગ્ન કર્યું અને તેના ગર્ભથી બે વીર પુત્ર ઉત્પન્ન થયા. એઓએ ફ્રાંક જર્મનની લડાઈમાં ઘણી હિમ્મત બતાવી હતી, આવા સુસભ્ય સમયમાં જો સુધરેલી જાતિમાં લગ્ન થાય, જો ઉપર લખેલા કારણોના ઉપર વિશેષ દૃષ્ટિ રાખીને વિવાહ કરે, તો છોકરાં વધારે શારીરિક તથા માનસિક ઉત્કૃષ્ટતા મેળવે.

બૈજિક નિયમના અંગે ઇન્દ્રિય સેવનના નિયમો.

ગાય, ભેંશ, કૂતરી, બિલાડી વગેરે જનાવરોની ઇન્દ્રિય સેવનની રીતિ જોવાથી આપણે જાણી શકીએ છીએ કે જેમ સ્ત્રીઓમાં માસિક ઋતુ આવે છે, તેમ બીજા જનાવરોની સ્ત્રી જાતમાં વિશેષ વિશેષ સમયે એક પ્રકારની વિશેષ અવસ્થા ઉત્પન્ન થાય છે; કેટલીકને જનનેન્દ્રિયના કોઈ બહારનાં લક્ષણ જણાતાં નથી, કેવળ શરીરમાંથી એક જાતનો વાસ નીકળે છે, તેથી કોઇનું મન ચંચળ થાયછે, આ વેળાએ તેઓ પુરૂષના સહવાસને માટે વિશેષ આગ્રહ પ્રકાશ કરે છે અને પુરૂષ જાતિ પણ જનનેન્દ્રિયમાંથી નીકળતો રસ જોઇને તથા શરીરનો વાસ જાણીને અથવા એઓની મનની વિશેષ પ્રકારની અવસ્થા ઓળખીને સહવાસમાં રત થાય છે. આવી રીતે વિશેષ કાળ શિવાય સ્ત્રી જાતિ પુરૂષ સહવાસ કરતી નથી, એટલુંજ નહિ પણ એ કાળ શિવાય બીજી વેળાએ પુરૂષ સહવાસેચ્છાથી સ્ત્રીની પાસે આવે છે, તો સ્ત્રી તેને નસાડી મૂકે છે. ઘણાકોએ જોયું હશે કે, વાંઝણી વગેરે કોઇ વિશેષ કારણથી જનાવરો વિશેષકાલે સહવાસ કર્યાથી કદી વિ-

ફળ થતું નથી. એ વેળાએ જે સ્ત્રીને વીર્ય ઉત્પન્ન થાય છે તે પુરૂષ વીર્યની સાથે મળ્યાથી બચ્ચું ઉત્પન્ન થાય છે, આ કુલોત્પાદન ઘણું કરીને વિફળ થતું નથી. નારી જાતિને ઋતુ આવ્યા પછીનો કાળ તેવી રીતે છોકરાં ઉત્પાદનનો મદદગાર છે. આ વેળાએ ગર્ભ સંચારની જેવી સંભાવના છે, તેવી બીજી વેળાએ નથી. ધાત સ્ત્રી જનનેન્દ્રિયમાં રક્ષિત થવાથી ત્યાં ૭–૮ દિવસ સુધી સજીવ રહેલી જોવામાં આવેલી છે, તેવી પ્રકૃતિના માર્ગ પ્રમાણે સારે રસ્તેથી ઇન્દ્રિય સેવન કર્યાથી ઋતુરક્ષા કરવી એ ઘણીક રીતે યોગ્ય જણાય છે. એટલા માટે રજઃસ્ત્રાવના ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે અથવા આઠમે દિવસે અથવા ઉપરના કેટલાક દિવસમાં બે ત્રણ દિવસ સુધી એક એકવાર સહવાસ કર્યાથી પ્રકૃતિએ જે ઉદ્દેશથી માણુસને જનનેન્દ્રિય આપી છે તે ઉદ્દેશ પૂર્ણકારે સંપૂર્ણ થાય છે. એવી રીતે વિજ્ઞાન સંમત મિતાચાર ઇન્દ્રિયપરાયણ માણુસની આગળ હસવા જેવો થઇ શકે પણ ખરો માર્ગ દેખાડવો એ અમારો ઉદ્દેશ છે. અને તે ઉદ્દેશ છોકરાં સારાં કરવાનો છે એ કહેવું બાહુલ્ય માત્ર છે. તેથી ઇન્દ્રિય સેવન સંબંધી સારવાન નિયમો નીચે આપીએ છીએ.

(૧) સન્તાનોત્પત્તિ એ સ્ત્રી પુરૂષની સોબતમાં મુખ્ય ઇશ્વરી અભિપ્રાય હોવાથી સ્ત્રી રજસ્વલા થાય તે વખતે ૨–૩ દિવસ પછી પુરૂષ સંસર્ગ કરવો. ઋતુનું લોહી દેખાતું બંધ થયા પછી ન કરવો. કારણ કે તે વેળા ગર્ભ સંચારનો સમય વીતી જાયછે. હલકી જાતના જીવજન્તુમાં પણ એજ નિયમ છે.

(૨) એ સંબંધમાં ઇશ્વરી અભિપ્રાયને નહિ ગણકાર્યાથી ઘણી નુકશાની થાય છે જેમકે—

(ક) ઋતુમતી થયા પહેલાં બાલ્યવિવાહ કર્યાથી સ્ત્રીની ઇચ્છા વિરૂદ્ધ પણ પુરૂષ સંસર્ગ થાય, અને તેથી તેમની સુખાકારીનો ભંગ થાય, ગર્ભવાળી અવસ્થાની પીડા, પ્રસવ સમય કસટાવતું, બાળક ધાવતુ હોય તે વખતે, નાના પ્રકારના રોગ, પછી દુર્બલતા, કુશતા, ક્ષય રોગ, ગ્રહણી, ઋતુ સંબંધી અનેક પીડા ઇત્યાદિ થઇને આયુષ્યનો ક્ષય કરે છે.

(ખ) એમના ગર્ભમાંનું છોકરૂં પણ ક્ષીણ જીવી અને બહુ રોગી થાય, અને બાળપણમાં ના મરે તો અરધ ઉમ્મરથી વધારે તો જીવેજ નહિ.

(ગ) ગર્ભ હોય તે વેળા પુરૂષ સંસર્ગ થાયથી ગર્ભપાત થાય અથવા ગર્ભવતી અને ગર્ભમાંના સંતાનને બહુ બહુ રોગ થાય. છોકરાંને જે જે રોગ થાય તેમાં મૃગીરોગ (વાઇ) પક્ષાઘાત, જડતા અને બુદ્ધિહીનતા એ મુખ્ય છે.

(ઘ) છોકરૂં ધાવે ત્યાં સુધી જો પુરૂષ સ્ત્રીનો સંગ કરે, તો તેનું ધાવણ ઓછું અને કસ વિનાનું થાય, તથા એવું ધાવણ ધાવ્યાથી છોકરાંને ઘણા રોગ થાય, એવી સ્ત્રીઓ ઉચિત કાળની પહેલાં ઋતુમતિ અને ગર્ભવંતી થાય તે વખતથી ઘણીકને ઋતુ સંબંધી ઘણાક રોગનું મૂળ રોપાય છે.

(ઙ) બાળકોને પણ સ્ત્રી સંસર્ગથી બહુ રોગ થાય; જેમકે માનસિક દુર્બલતા, સ્મરણ વિચારશકિતની ન્યૂનતા, વિદ્યાભ્યાસમાં ઉંચુ મન, શરીરિક દુર્બલતા નબલાઈ, શરીરની મહેનત કરવા અસમર્થપણું, દારૂ પીવાનો દોષ, વાઇ, અર્ધાંગ રહી જવું, ક્ષય રોગ ઇત્યાદિ.

(૩) સમર્થ ઉમ્મરે જુવાન જુવાનીનો સંસર્ગ પ્રકૃતિ સિદ્ધ છે, પણ સ્ત્રી ઋતુમતિ થાયને ૨–૩ દિવસ થાય પહેલાં તેનો સંસર્ગ થાય નહિ. અર્થાત ગર્ભાવસ્થા અને બાળક ધાવતું હોય તેટલો કાળ પુરૂષ સંસર્ગ ના કરવો ને પછી મહીને ઋતુ સમયે માત્ર કરવો. કોઇ વિશેષ અવસ્થામાં પખવાડીએ અથવા અથવાડિયે એકવાર સ્ત્રી સંસર્ગ કર્યાથી વિશેષ હાનિ ના થાય, એથી વધારેપણું થયાથી ઘણા રોગ અને અનિષ્ઠ થાય.

(૪) સ્ત્રી પુરૂષ સહવાસ સંબધે પ્રાકૃતિક નિયમ ઉલ્લંઘન કર્યાથી બહુ આનિષ્ટ થાય જેમ—

(ક) સ્ત્રી સ્વપ્નદોષ એટલે જેઓ સ્ત્રી સંબંધી વિચાર સર્વદા કર્યા કરે તેમને નિદ્રાવસ્થામાં સ્ત્રીઓ સંબંધી સ્વપ્ન આવીને વીર્યપાત થાય એમ વીર્યપાત થયાથી શરીર બહુજ દુર્બલ થાય અને અન્તે ધ્વજભંગ એટલે નપુંસકપણામાં અને આયુષ્ય ક્ષીણ થાય.

(ખ) હાથરસથી વીર્યપાત કરવું એ વધારે અનિષ્ટ કરતા છે. પૈસાની તંગીથી જેઓ વિવાહ કરવાને અસમર્થ હોય, અથવા ઇશ્વર પરાયણતા કે

વિદ્યાર્થી અવસ્થાને લીધે સંસર્ગ કરવા જેઓ ચાહતા હોય નહિ અથવા બહુ સ્ત્રીનો સંસર્ગ કર્યાથી ભયાનક પ્રમેહ કે ગરમીનો રોગ થવાની દેહેશત જેઓ રાખતા હોય, તેઓજ ગુપ્ત રીતે આ ભયાનક, નિન્દિત અસ્વાભાવિક, અને બહુ અનિષ્ટકારક કાર્ય કરે છે. એનું ફળ જલદીથી ધ્વજભંગ (નસનું નરમ પડવું) અતિ દુર્બલ, કૃશતા, મૃગીરોગ (વાઇ) પક્ષઘાત અથવા અકાલ મૃત્યુ થાય.

આયુષ્યનાશક એ સ્વપ્નદોષ અને હાથરસ દોષથી મુક્ત થવા ઇચ્છતા હોય, તેમણે દરરોજ ઉઠતા પહેલાં એક બે લોટા ઠંડુ પાણી, શરીર પલળે નહિ તેવી રીતે માત્ર માથા ઉપર રેડવું, પછી બરફનું પાણી અથવા એક મુઠી સુરોખાર અને એક મુઠી નવસાર એક શેર પાણીમાં મેળવી તે પાણીમાં અંડકોષ (કોથળી) અને શિશ્ન અડધા કલાક સુધી બોળી રાખવાં, પછી ઇશ્વિર અથવા ધર્મ સંબંધી વિચાર કરતાં કરતાં ઉંઘી જવું. હાથરસની ઇચ્છા જ્યારે પ્રબળ થાય, ત્યારે પણ એજ પ્રમાણે કરવું. તે શિવાય બીજા કોઇ માનસિક અથવા શારીરિક પરિશ્રમથી સદા દૂર રહેવું. સ્ત્રી ચિન્તા મનમાંથી સમૂળગી દૂર કરવી.

(ગ) કેટલીક સ્ત્રીઓ પણ ગુપ્ત રીતે ઘણા કૌશળથી પુરૂષ સંસર્ગનું સુખ ભોગવે છે, તેથી તેમને ઋતુ સંબંધી ઘણાક રોગ, દુર્બલતા, વાંઝણીપણાનો દોષ, કૃશતા, વાઈ, હિષ્ટિરિયા, ઇત્યાદિ રોગ થાય છે. એ ખરાબ અભ્યાસ પરિત્યાગ કરવા ચહાય, તેણે ઉપરનો સહેલો ઉપાય કરવો, પરંતુ શીતલ જલને બદલે બરફ જળે પલાળેલા કકડાનો ઉપયોગ કરવો.

(ઘ) પ્રમેહ અને ઉપદંશ અથવા ગરમીનો રોગ તે બહુ પુરૂષસંગ અથવા બહુ સ્ત્રી ગમનના ભયંકર ફળ છે. પ્રમેહ રોગથી ધીરે ધીરે મૂત્રનાળી ખવાઈ જતાં આખરે મૂત્ર બંધ અને અચાનક મૃત્યુ થાય, ગરમી પણ બે ત્રણ પેઢી સુધી કેડે ના મૂકે. એથી એકદમ મૃત્યુ ના થાય તો પણ અડધી ઉમરે મરે.

(૫) પૂર્વે કહ્યું છે કે છોકરાં ઉત્પાદન એજ સ્ત્રી પુરૂષ સંસર્ગનો એક માત્ર અભિપ્રાય છે. એ મતલબથી ભ્રષ્ટ થઈ ક્ષણીક સુખને માટે જ્યારે

ત્યારે સ્ત્રી સંગ કરવો, એ ભૂખ નહિ છતાં કેવળ સ્વાદને માટે ભોજન કરવા તુલ્ય છે, એથી રોગ અને આયુષ્યના ક્ષય વિના બીજું કંઇ ના થાય.

(૬) સંસ્કારાધીન પશુઓને જનનેન્દ્રિયનો કોઈ રોગ થતો નથી. જંગલી માણસો અને જંગલી પ્રાણીમાં પણ જનનેન્દ્રિયની પીડા અતિ વિરલ જોવામાં આવે છે. ઘણાક પશુઓમાં ભ્રષ્ટાચાર થયાની શિક્ષા તત્ક્ષણ મૃત્યુ છે. જીવિકાને માટે તેમને મરતા સુધી પરિશ્રમ કરવો પડે છે. કેવળ કામવૃત્તિના ક્ષણીક સુખને માટે તેઓ શી રીતે પ્રવૃત્ત થઇ શકે ? સુધારાની સાથે એક તરફ કામશક્તિ તથા વ્યભિચાર, બીજી તરફ મદ્યપાન તથા પાચન થાય નહિ તેવા ભારે અને મિષ્ટાન પદાર્થનું ભોજન ઇત્યાદિની વૃદ્ધિ થયાથી મનુષ્યનું આયુષ્ય ઓછું થતું જાય છે.

(૭) દીર્ઘકાળ ઘણો ભારે ખોરાક ખાધાથી જેમ પિત્ત, શૂળ, ભારે રકતામાંશ કે ઉદરામય ઉત્પન્ન થાય, તેમ ઘણો સ્ત્રી સંસર્ગથી ધ્વજભગ રોગ ઉત્પન્ન થાય. પહેલાના રોગથી સ્ત્રી સુસ્વાદુ આહાર કરી શકાય નહિ તેમ પાછળના રોગથી સ્ત્રી સંસર્ગને માટે હમેશને સારૂ દૂર રહેવું પડે, બન્નેનું છેવટનું ફળ ક્ષય અને અકાળ મૃત્યુ છે.

(૮) વિવાહ કરેલા જોડામાં પણ ઘણો શૃંગાર નુકશાનકારક છે. કારણ કે એમને પણ જનનેન્દ્રિયની ઋતુ સંબંધી ઘણું કરીને સઘળી પીડા થઈ શકે છે. જે સ્ત્રી પુરૂષની કામ વૃત્તિ પ્રબળ દેખાય. છોકરામાં જેઓ બાપના જેવા હોય તે બાપના સ્વભાવ ગ્રહણ કરે અને માતા જેવા હોય છે તે માનો સ્વભાવ ગ્રહણ કરે.

એટલા માટે વિવાહ નક્કી કર્યાની પહેલાં વરક કન્યાનાં માબાપની પ્રકૃતિ વિશે પણ તજવીજ કરવી જોઇએ. જે કુટુંબમાં સ્ત્રી પુરૂષમાંથી ઓછામાં ઓછા એક જણ પણ કામ પ્રવૃતિને દમન કરતા ના હોય તેમના પુત્ર પુત્રી સાથે સંબંધ કરવો ઘટારત નથી.

(૯) સ્ત્રી પુરૂષને કાંઈ રોગ ના હોય અને વિદ્યા બુદ્ધિ તથા ચાતુરીમાં તેઓ અદ્વિતીય હોય તે છતાં તેમનાં કોઇ કોઈ છોકરાં ખરાબ થાય છે, તેનું એક મુખ્ય કારણ એ છે કે ગર્ભ થતી વેળાએ બેમાંથી કોઇના

મન ખરાબ થયા હોય. સ્ત્રી અને પુરૂષ બંને ખરાબ હોય તેમનાં છોકરાં ખરાબ ઉઠે એ તો સહજ સમજાય તેમ છે.

તેટલા માટે વિદ્યા અને બુદ્ધિથી જેઓ વંશમાં શ્રેષ્ટ અથવા કુળ દીપક જેવા હોય તે પોતાના પુત્ર પૌત્રાદિ ક્રમે સમભાવે ક્ષયતાપન્ન અને યશશાળી નીવડે એવી ઇચ્છા રાખતા હોય, તો તેમણે આ આ બાબત વધારે સાવચેત રહેવું જોઇએ.

(૧૦) વાંઝણી સ્ત્રીઓને વધારે પુરૂષ સંસર્ગથી ઋતુ સંબંધી કાંઈ પીડા ના થાય, પરન્તુ પ્રમેહ, ઉપદંશ વગેરે ધિક્કારપાત્ર રોગ અબાધે થાય. ખરેખરી વાંઝણી હજારમાં એક પણ નહિ મળે, પરન્તુ અતિ શૃંગાર અથવા પ્રમેહ કે ગરમીના રોગથી જેમની ઉત્પાદકશક્તિ નાશ પામી હોય એવા હજારે સો કરતાં પણ વધારે માલમ પડશે.

આ કારણને લીધે, સન્તાનને માટે બીજી સ્ત્રી કરવા પહેલાં, પ્રત્યેક પુરૂષે પોતાના વીર્યની કોઇ અનુભવી ડાકટરથી પરીક્ષા કરાવીને જોવું જોઇએ કે તેની ઉત્પાદિકા શક્તિ છે કે નહિ.

(૧૧) યૌવનકાળે વિધવા થયાથી ફરી વિવાહ કરવા પ્રકૃતિ સિદ્ધ છે. નહિ તો ભ્રુણહત્યા, ભ્રષ્ટાચાર અને તે સંબંધી પીડાની ઘણી સંભાવના છે. ગર્ભપાતથી સોએ ૧૫ પ્રસુતીઓના મૃત્યુ પણ થાય. આ બધાં કારણોથી જુવાન સ્ત્રીએ વિધવાપણાનો ધર્મ અવલંબન કરવો એ ઇશ્વરી આદેશ હોઇ શકે નહિ, એ ચાલને દેશવટો દેવો જોઇએ.

(૧૨) પુરૂષો એક તરફ સરળ મનની સ્ત્રીઓને ભ્રષ્ટ કરે અને બીજી તરફ તેમને પ્રકૃતિ વિરૂદ્ધ વિધવાપણાનું દુઃખ અને પીડા સહન કરવાને ફરજ પાડે એ શું સ્વાર્થપરતા અને પાપનાં દૃષ્ટાન્ત નથી?

(૧૩) જે હિન્દુ અથવા મુસલમાન છોકરીઓના ૮–૯ વરસની ઉમ્મરે વિવાહ થાય તેમને ૧૧–૧૨ વરસે ઋતુ પ્રાપ્ત અને ૧૩–૧૪ વરસે સંતાન થાય, તથા તેઓ ૨૪–૨૫ વરસે પ્રૌઢા, અને ૩૪ ૩૫ વરસે વૃદ્ધ થઇને ખાંડું કરીને મરણ પામે. યુરોપખંડની સ્ત્રીઓના ૨૦–૨૫ વરસે

વિવાહ થાય છે, ૪૫–૫૦ વરસ સુધી તેમને સંતાન થાય છે અને ૬૦–૭૦ વર્ષ પહેલાં તેઓ વૃદ્ધ થતી નથી. બાલ્યવિવાહથી સ્ત્રીઓના આયુષ્યનો કેટલો ક્ષય થાય છે આથી સ્પષ્ટ જાણી શકાય છે.

(૧૪) વૃદ્ધ ઉમ્મરે સ્ત્રી શૃંગારાસક્ત થયાથી તે સંબંધી બધી પીડા ઉત્પન્ન થઇ શકે છે, તેમાં વધારે રક્તપાત અથવા ઘણા દિવસ સુધી ઋતુશોણિત સ્રાવ અથવા યોની કે જરાયુની વૃદ્ધિ (અથવા એ સકળ યંત્ર વખતે બહાર ઝુલી પણ પડે) પ્રમેહ અથવા ગરમીનો રોગ થયાથી તેમના દુઃખનો પાર પણ ના રહે અને તેમના દુઃખે દુઃખી થતા હોય એવાં લોક પણ ભાગ્યેજ જડે.

(૧૫) એટલી ઉમ્મરે સ્ત્રી સંસર્ગથી પુરૂષોને પગલે પગલે વિપદ પડે. મહાભારતમાં વર્ણવેલું વૃદ્ધ પાન્ડુ રાજાનું એકદમ મૃત્યુ તેનું એક દ્રષ્ટાંત છે. આ દેશમાં દરવરસે સેંકડો વૃદ્ધ શૃંગારરસ ભોગવવા ગયાથી મરણ પામે છે. અતિરિક્ત સહવાસથી જુવાનોને જે જે રોગ થાય તે સઘળા રોગ વૃદ્ધોને પણ તેમના કરતાં એ વધારે થવાનો સંભવ જાણવો.

(૧૬) શૃંગાર સુખ સુરાપાનના સુખ કરતાં પણ ક્ષણ સ્થાયી છે, તેટલામાટે ઇન્દ્રિયાસક્ત માણસોને એ બંનેનો અતિરિક્ત ઉપભોગ કરતાં મોટી પીડા અથવા મૃત્યુ ના થાય, ત્યાંસુધી તેઓ મુગા બેસતા નથી, પરંતુ પહેલાંનું ફળ બીજાના કરતાં પણ ભારે છે. કારણ કે સુરાપાન તો જે કરે તેજ દુઃખ પામે, પરંતુ વધારે શૃંગાર ભોગથી સ્ત્રી પુરૂષ બંનેનો સાથે નાશ થાય.

(૧૭) જેમનામાં મદ્યપાન અને કામાશક્તિ એ બે દોષ સાથે હોય, તેમનું જીવન તરણા બરાબર જાણવું.

(૧૮) આપણા દેશમાં કામાસક્ત લોકોની સંખ્યા વધારે હોવાના કેટલાક કારણો છે. જેવાં કે.–

(ક) ગ્રીષ્મ (અતિ તાપ) એક મુખ્ય કારણ છે. પરન્તુ દરરોજ સ્નાનથી બે ત્રણવાર પાણીથી માથું પલાળવાથી, અને જેટલીવાર મળમૂત્ર

સાગ કરવામાં આવે તેટલીવાર હાથ પગ, અને અંડકોષ વગેરે અંગ શીતલ જળવડે ધોયાથી જનનેન્દ્રિયની ઉત્તેજના ઓછી થાય છે.

(ખ) બાલ્ય વિવાહનો પ્રથા બંધ કરવો. છોકરીની વય ઓછામાં ઓછી ૧૫ વરસની થયા પહેલાં તેનો વિવાહ કરવો નહિ. તેમજ છોકરાનો વિદ્યાભ્યાસ પૂરો થયા પછી અથવા ૨૪–૨૫ વર્ષની વયે વિવાહ કર્યાથી વિશેષ હાનિ નથી.

(ગ) ઇચ્છા, પ્રકૃતિના વિરૂદ્ધ વિધવાપણાના ધર્મ પાલનનો પ્રથા ચાલુ રહ્યાથી છુપી રીતે ભ્રષ્ટાચાર, ભ્રુણહત્યા, આત્મહત્યા ઇત્યાદિની વૃદ્ધિ થાય છે. વિધવા વિવાહ કર્યાથી એ સકળ અનિષ્ટ દૂર થઈ જાય.

(ઘ) આળસ્ય–પૈત્રિક સમ્પતિ હોવાથી માણસ નિષ્ક્રિયવાન થઇ ઇન્દ્રિય સુખમાં મત્ત બને છે. તેટલા માટે સન્તાનને સારૂ ધન સમ્પતિ સાચાવી રાખ્યાને બદલે તે ખરચીને તેમને નીતિ, શિલ્પ, અને વિજ્ઞાનાદિ વિષયનું શિક્ષણ આપવું એજ ઉત્તમ છે. છોકરાં પોતાના ઘરમાં રહી રીતસર ખરચ અને રીતસર રહે એટલું ધન તેમને રાખવું બસ છે. ઇન્દ્રિય સુખમાં ઉડાડવા જોગ કાંઇ રાખી જવું નહિ.

(ङ) પૈસાદાર લોકોનાં છોકરાંમાં ઘણાક વિદ્યા શીખતા નથી. તેટલા માટે તેમને બાલ્યાવસ્થાથી તે વિદ્યાભ્યાસ પૂરો થતા સુધી બોર્ડીંગ સ્કુલોમાં રાખવા જોઇએ. એટલે શિક્ષા, વાસસ્થાન, ખાવુ, પહેરવું ઇત્યાદિ સર્વનો બંદોબસ્ત રહે એવા કોઈ શિક્ષાલયમાં રાત દિવસ તેમને રાખવા. શિક્ષણ પૂરૂ થયા પછી ધન, જન અને નાના સુખથી ઘેરાયલા ઘરમાં તેમને આણવા.

ઇન્દ્રિય સુખાસક્ત વા લંપટ લોકોની સોબતથી બીજા સારા છોકરા છોકરીઓનાં સ્વભાવ પણ જલદીથી ખરાબ થાય, તેટલા માટે પાઠશાળામાં ઘરમાં હોય ત્યાં શિક્ષક અને માબાપે બાળક બાળિકાને સારી સોબતમાં રાખવાં.

(ચ) દુરાચારી સ્ત્રીઓનાં નૃત્યગીત જોવા અને સાંભળ્યાથી તથા

વિરહ અથવા પ્રેમની કાહણીનાં નાટક કે પુસ્તકથી કામની ઉત્પત્તિ થાય તેટલામાટે એ સર્વે વાંચવું, સાંભળવું કે જોવું નહિ.

(છ) એક પાથરીએ અથવા એકજ ઓરડામાં સ્ત્રી પુરૂષનું શયન અનુચિત છે તેથી સહજે કામોદ્રક થાય અને તે પૂર્ણ કરવાને કંઇ રોકાણ રહે નહિ તેટલા માટે ઈલાયદા ઓરડામાં કમાડ બંધ કરીને તેમણે સૂવું જોઇએ.

(જ) મદ્યપાનથી માણસ પશુ બને છે, તથાપિ પશુ પ્રમાણે સંસ્કારાધિન નહિ થતાં ઘણી પશુવૃત્તિ પૂરી કરવાને કંઇ હરકત રહેતી નથી, તેટલા માટે કામાસક્તિ દમન કરવાને માટે માદક પદાર્થનો સ્પર્શ પણ ના કરવો.

(ઝ) સ્ત્રીઓની ધર્મનીતિ અને તનદરોસ્તી રક્ષા સંબંધી શિક્ષણની ખોટ એ તેમની કામાસક્તિ વૃદ્ધિ થવાનું એક મુખ્ય કારણ છે. દઢ પ્રતિજ્ઞાવાળી અને બુદ્ધિમતિ સ્ત્રીઓ સારાં પુસ્તકો વાંચે અને તેઓ કદી પણ આયુષ્ય ક્ષય કરતાં કાંઇ પણ દોષમાં લપટાય નહિ. સંસ્કારાધિન પશુઓ પણ ઇન્દ્રિય રિપુને દમન કરીને શરીરની સુખાકારી સાચવે છે, તો તનદરોસ્તીના મૂળ જાણનાર અને વિવેકથી માણસ શું પોતાને તાબે કરી શકે નહિ ?

(૧૯) ઘણો સ્ત્રી પુરૂષ સંસર્ગથી બેઉની શરીરની સુખાકારીમાં હરકત અને આયુષ્યનો ક્ષય થાય તેના વિશેષ પ્રમાણ છે જેવા કેઃ—

(ક) કામવૃત્તિ પૂર્ણ કર્યા પછી નરનારી બંનેને જેવું દૌબલ્ય માલુમ પડે છે તેવું સ્વભાવિક મલમૂત્રાદિ ત્યાગ કર્યા પછી કાંઈ માલુમ પડતું નથી, એકવાર સ્વાભાવિક વીર્યપાત કર્યાથી અને ૨-૩ વાર પાતળા ઝાડા થયાથી જે દુર્બલતા જણાય છે તે ઘણું કરીને સમાન કહી શકાય.

(ખ) અંડમાં ધાતુની ઉત્પતિ થાય છે એવું પરીક્ષાથી સિદ્ધ થયું છે, ઘોડા બળદ, ખચ્ચર વગેરેના બન્ને અંડ કાપીને બહાર કાઢયાથી (ખાશી કર્યાથી) તેમની કામવૃત્તિ એકીવારે નાશ પામે છે, પરંતુ તેમના

શરીર અત્યંત બલિષ્ઠ અને દીર્ઘજીવી થાય છે. એ અનુભવ સિદ્ધ છે. આ- થી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે એક માત્ર સન્તાન ઉત્પાદન ભિન્ન સ્ત્રી પુરૂષ સંસર્ગથી તેમના શરીર દુર્બલજ થાય.

(ગ) ખોજા અથવા નપુંશક માણુસો સર્વે કરતાં સબળ અને દીર્ઘ- જીવી હોવાના દ્દષ્ટાંન્ત મુસલમાન ગ્રન્થોથી માલુમ પડે છે.

(ઘ) યુરોપ ખંડમાં ખ્રિસ્તીઓ કરતા યાહુદીઓ દીર્ઘજીવી છે એમ ત્યાંના તનદરોસ્તી વિજ્ઞાન ગ્રન્થોમાં લખેલું છે. ખ્રિસ્તીમાં સરાસરી ૩૫ વરસથી વધારે જીવતા નથી અને યાહુદીઓ સરાસરી ૪૪ વરસ જીવે છે. શોધ કરતાં આનું કારણુ એ માલૂમ પડયું છે કે જાતીય પ્રથા પ્રત્યેક યાહુદી સ્ત્રી પુરૂષો માસમાં ૫–૭ વખત કરતાં વધારે દિવસ પરસ્પર સં- સર્ગ કરતાં નથી તેમજ તેઓ એક બીછાનામાં સૂતા નથી.

(ઙ) તાલમબાજ, પહેલવાનો અને મલ્લ યોદ્ધા તથા વિલાયતી સર- કસના ખેલ કરનાર યુરોપિયન સ્ત્રી પુરૂષો જે અદ્દ્ભૂત ક્રીડા કરે છે અને શક્તિ દેખાડે છે તેમ બીજા કરી શકતા નથી. તપાસ કરતાં એમ જણાયું છે કે એ લોકો જ્યાં સુધી એવા ખેલ અને કુસ્તી વગેરે કરે છે તેટલા દ- હાડા સુધી તેઓ સંસર્ગ દોષ થવા દેતાં નથી, જો ભ્રષ્ટ થાય તો બાહુબ- લની એવી અસાધારણુ ક્ષમના દેખાડી શકે નહિ.

(ચ) મગજ ફેફસુ હ્રતપિંડ, પકાશય, કલેજુ, તલ્લી વગેરે જીવન રક્ષાના યંત્રો શરીરની અન્દર બહુ જતનથી રહેલા છે. પરન્તુ ધાત ઉત્પન્ન કરનાર યંત્ર અથવા બે અંડ શરીર રક્ષાને માટે જાણે જરૂરના ના હોય તેમ બાહરની બાજુએ રાખેલા છે. તેમને કાપી નાંખ્યાથી શરીર વધારે બ- ળવાન થાય છે એ આગળ કહી ગયા છીએ.

(છ) અનાજના છોડ અને કેળ વગેરે ફળ પાકયાથી સૂકાઇ જા- ય છે. કેટલાંક જન્તુઓ પણુ બચ્ચાં અવતરે એટલે મરી જાય છે. ત્યારે ઉચ્ચ શ્રેણીના જીવ અને મનુષ્ય પ્રાણીમાં એમ કેમ ન હોય ? વાંઝણી અ-

ને બહુ પ્રસવિની સ્ત્રીઓનાં શરીરની અવસ્થા સરખાવી જુઓ, તેમજ બહુ કાળ ભ્રષ્ટાચારી પુરૂષ અને લાંબો કાળ સંયમેન્દ્રિય મહાપુરૂષનાં શરીર મેળવી જુઓ. એમાં કોણ સબળ અને દીર્ઘ જીવી જણાય છે? એ બન્ને પ્રકારનાં સ્ત્રી પુરૂષ જોયાંછે તેઓ એક વાકયથી કહેશે કે વાંઝણી સ્ત્રી અને સંમયેન્દ્રિય પુરૂષોજ નિરોગી અને દીર્ઘજીવી હોયછે.

(૨૦) સ્ત્રી પુરૂષનો વધારે સંસર્ગ દોષ અથવા ભ્રષ્ટાચાર રોકાવાને તેમને નિરોગી રાખી આયુષ્ય વૃદ્ધિ કરવા માટેજ સુધારેલી જાતિઓમાં વિવાહ પ્રથા ચાલુ થયો છે. તેટલા માટે પરણેલા સ્ત્રી પુરૂષમાં અતિ શૃંગાર જેમ ઇશ્વર અભિપ્રાયથી વિરૂદ્ધ કાર્ય છે, તેમ તેથી જનનેન્દ્રિયના ઘણાક રોગ ઉત્પન્ન પણ થાયછે.

(૨૧) પૂર્વે મનુષ્ય સબળ અને દીર્ઘજીવી હતાં. કારણકે તે વખતે તેઓ આહાર વિહારાદિકમાં કાંઇ અત્યાચાર કરતા નહિ. હાલ નાના વિધ રોગ એક વશમાં અથવા કુટુંબમાં ઓધે ઉતરે છે, તેટલાક માટે ભાઇ, બહેન, માશી, ફોઈ, મામા દાદા વગેરે જેમની નસોમાં એક પ્રકારનું લોહી વહેતું હોય, તેમનાં છોકરાંનો પરસ્પર વિવાહ થાય તો પૈત્રિક અથવા રક્તગત પીડા વધારે પ્રબળ થઇ તેમનાં છોકરાંને વધારે દુઃખી કરે; તેટલા માટે એક લોહીના સંબંધવાળા લોકોમાં વિવાહ થવો ના જોઇએ.

(૨૨) સ્ત્રી પુરૂષમાં એકના લોહીમાં ઉપદંશનું અને બીજા લોહીમાં ગલગંડ રોગનું બીજ હોય તો તેમના સંસર્ગથી જે છોકરૂં થાય તે ઉપરના બન્ને રોગથી મુક્ત થવાની આશા રાખી શકાય. પરન્તુ માબાપના લોહીમાં એકજ પ્રકારનો દોષ હોય તો એવી આશા કદી પણ ના રખાય.

(૨૩) એક લોહીમાં વિવાહ કર્યાથી કેટલાક નવા રોગ તેમનાં છોકરાંને થાય છે એમ ડાકટર રેમીસ કહે છે. એવા ૨૭૭૮ છોકરાંમાં ૧૧૭ બહેરાં તથા મુગાં, ૫૩ આંધળા, ૨૩૧ દુર્બલ, ૨૪ ઉન્માદગ્રસ્થ, ૪૪ વાઇ, ૨૮૯ ગંડમાળાવાળા, ૫૩ વિકૃતિ અંગવાળા હતાં અને ૬૩ બાળપણમાંજ મૃત્યુ પામ્યા હતા.

(૨૪) જેમના લોહીમાં ઉપદંશ રોગે પ્રવેશ કર્યો હોય, તેઓ બીજી કોઇ સભ્ય અને સબળ જાતિ સાથે વિવાહાદિથી લોહીનો બદલો ના કરે તો કાળે કરીને તેઓ નિર્વંશ થાય એમ શરીરતત્વવિતો કહે છે.

ઉપર લખેલા ૨૪ નિયમ પ્રમાણે સ્ત્રી પુરૂષે વર્તવાથી છોકરાં, સુન્દર, બુદ્ધિમાન, નિરોગી થશે તથા વંશને ઉજ્વલ કરશે.